**નં. 16-31/2017-DD-1**

# સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

# દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેનો વિભાગ

પંડિત દિનદયાળ અંત્યોદય ભવન, પાંચમો માળ,

સીજીઓ સંકુલ, લોધી રોડ, નવી દિલ્હી

તા. 17મી ઓગસ્ટ, 2018

પ્રતિ,

અગ્રસચિવશ્રી/સચિવશ્રી,

સમાજકલ્યાણ વિભાગ,

તમામ રાજ્યો / કેન્દ્રશાસિત વિસ્તારો

**વિષયઃ દિવ્યાંગજનોના અધિકાર અધિનિયમ, 2016ના અમલ માટેની યોજના (SIPDA)**

મહાશય,

આ સાથે સુધારેલી SIPDA યોજનાની એક નકલ સામેલ છે. આપ જાણો છો કે આ વિભાગ દિવ્યાંગજનોના અધિકાર અધિનિયમ, 2016ના અમલ માટેની યોજના (SIPDA)નો અમલ, દિવ્યાંગજનો સંબંધિત અધિનિયમ (PwD Act)માં સૂચવવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવા માટે કરે છે. આ PwD Act, 2016માં દિવ્યાંગ વ્યક્તિઓને શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ, રોજગારી, જાહેર વાહનવ્યવહાર, બાંધકામ કરેલ વાતાવરણ, માહિતી અને પ્રત્યાયન મેળવવાના અધિકારોનું તેમજ તેઓની સ્વતંત્રતા અને ગૌરવ જાળવવાના અધિકારનું સમર્થન કરે છે. આ મંત્રાલય આ યોજના અંતર્ગત વર્ષ 1999થી જ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તક, અધિકારોની સુરક્ષા અને સંપૂર્ણ ભાગીદારિતા) અધિનિયમ, 1995ની જોગવાઈઓના અમલ માટે નાણાભંડોળની ફાળવણી કરે છે.

2. SIPDA યોજના એ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. અને તેને 14મા નાણા પંચના સમયગાળા સુધી એટલે કે 2019-20 સુધી ચાલુ રાખવા માટે મંજૂરી મળેલી છે. DDRCsના તમામ અંગો / અંશો માટે માત્ર SIPDA યોજના અંતર્ગત જ નાણાભંડોળ ઉપલબ્ધ કરાશે. વિભાગની અન્ય ચાર સ્વતંત્ર યોજનાઓ એટલે કે, જાગૃતિ ફેલાવવા માટેની યોજના, સંશોધન અને વિકાસ, ઇન-સર્વિસ તાલીમ અને નોકરીદાતાઓને પ્રેરણા પુરસ્કાર એ તમામ યોજનાઓને SIPDA યોજના સાથે ભેળવી દેવામાં આવી છે.

વિનંતી કરવામાં આવે છે કે આ યોજના જિલ્લા કલેક્ટરોની તેમજ અમલીકરણ કરતી સંસ્થાઓ સહિત અન્ય તમામ લાગતાવળગતાઓના ધ્યાન પર લાવવામાં આવે. આ યોજના વિભાગની વેબસાઇટ www.disabilityaffairs.gov.in પર ઉપલબ્ધ છે.

આપનો વિશ્વાસુ

**સહી/- (ડોલી ચક્રબર્તી)**

ભારત સરકારના સંયુક્ત સચિવ

ટેલિફોન 24369069

**બિડાણ :** ઉપર મુજબ

# ભારત સરકાર

# સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

# દિવ્યાંગજનતા સશક્તિકરણનો વિભાગ

## દિવ્યાંગજનના અધિકારોના અમલ માટેની યોજના SPIDA

### સમાવિષ્ટ સામગ્રીનો કોઠો


| અનુ. નં. | સામગ્રી | પાન નં. |
|---|---|---|
| 1 | SIPDA યોજના | |
| 2 | કૌશલ્યવર્ધક તાલીમ કાર્યક્રમ (પરિશિષ્ટ I) | |
| 3 | સુગમ્ય ભારત અભિયાન (પરિશિષ્ટ II) | |
| 4 | જાગૃતિ પેદા કરવા અને પ્રસિદ્ધિ માટેની યોજના (પરિશિષ્ટ III) | |
| 5 | SIPDA અંતર્ગત 'દિવ્યાંગતા સંબંધિત ટેકનોલોજી, ઉત્પાદનો અને મુદ્દાઓ સંબંધિત સંશોધન'ના અંશોના અમલ માટેની માર્ગદર્શિકા (પરિશિષ્ટ IV) | |
| 6 | કેન્દ્ર અને રાજ્ય સરકારોના, સ્થાનિક સંસ્થાઓના અને અન્ય સેવા-ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકોની સેવાઓના સમય દરમિયાન તાલીમ અને સંવેદનશીલતા માટેની યોજના (પરિશિષ્ટ V) | |
| 7 | દિવ્યાંગજનોને ખાનગીક્ષેત્રમાં રોજગારી ઉપલબ્ધ કરવા માટે પ્રોત્સાહનની યોજના (પરિશિષ્ટ VI) | |
| 8 | નિયત કરેલા જિલ્લાઓમાં જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપન કેન્દ્રોની સ્થાપના (પરિશિષ્ટ VII) | |

# દિવ્યાંગજનના અધિકારોના અધિનિયમના અમલ માટેની યોજના - SIPDA

1. **પરિચય :** દિવ્યાંગજન (સમાન તક, અધિકારોની સુરક્ષા અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ, 1995 એક વિવિધલક્ષી, અધિનિયમ દિવ્યાંગજનોના અધિકારો અને સશક્તિકરણ સંબંધિત છે. આ કાયદો પસાર થતાં દિવ્યાંગજનોના સશક્તિકરણના નિશ્ચય માટેના હકારાત્મક કાર્ય સાથે તેમને સમાજના મુખ્યપ્રવાહમાં ભેળવવા માટેનું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું છે. આ કાનૂને પ્રથમ જ વખત તેમના શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ, રોજગારી, જાહેર વાહનવ્યવહાર અને નિર્મિત પર્યાવરણ, માહિતી અને પ્રત્યાયન માટેના અધિકાર સુગમ્ય બનાવવા માટે કાનૂની સમર્થન આપ્યું છે. તેમજ તેમના સ્વાતંત્ર્ય અને ગૌરવનો સ્વીકાર કર્યો છે. વળી, આ અધિનિયમ દિવ્યાંગતાને આરોગ્ય કે કલ્યાણનો મુદ્દો નહિ પરંતુ નાગરિક અધિકારનો મુદ્દો ગણે છે. તે સ્વીકારે છે કે દિવ્યાંગજન જે મુખ્ય સમસ્યાનો સમાનો કરી રહેલ છે તે સમસ્યા સમાજના મુખ્ય પ્રવાહમાંથી તેમને બાકાત રાખવાની સમસ્યા છે અને તેથી જ અધિનિયમ તેમની સંપૂર્ણ ભાગીદારિતા અને સમાન તક ઉપર ઝોક ધરાવે છે. સરકારે 19-4-2017થી દિવ્યાંગજન (સમાનતક, અધિકારોની સુરક્ષા અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ, 1995ને સ્થાને દિવ્યાંગજનોના અધિકારોનો અધિનિયમ, 2016 (RPwD) પસાર કર્યો છે.

1.02 દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર એ આ કાનૂન માટેનો નોડલ વિભાગ હોવાથી RPwD અધિનિયમનો વહીવટ કરે છે અને દિવ્યાંગજનોના વિકાસ, એકીકરણ અને સશક્તિકરણની પ્રક્રિયાને સરળ બનાવે છે તેમજ અધિનિયમના અમલ ઉપર દેખરેખ રાખે છે.

1.02 દિવ્યાંગજનોના અધિકારોના અધિનિયમની જોગવાઈઓના અમલને બહુલક્ષી સામૂહિક અભિગમથી હાથ ધરવામાં આવેલ છે અને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને અન્ય સુયોગ્ય સત્તાતંત્રોનાં સંબંધિત મંત્રાલયો / વિભાગો આ અધિનિયમની વિવિધ જોગવાઈઓના અસરકારક અમલ માટે પગલાં લઈ રહેલ છે.

1.03 સંયુક્ત રાષ્ટ્રોના દિવ્યાંગજનોના અધિકારોના કરાર(UNRPD)માં ભારતે સહી કરેલી છે. આ કરારનો સ્વીકાર ભારતમાં ઑક્ટોબર 2007માં કરવામાં આવ્યો અને મે, 2008થી તે અસરમાં આવ્યો. આ કરારને સુસંગત એવા કાનૂન ઘડવાની જવાબદારી પક્ષકાર રાષ્ટ્રો ઉપર નાખવામાં આવી છે. આ કરાર આ અન્ય બાબતોની સાથેસાથે દિવ્યાંગજનોને સામાન્ય લોકોને શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રાપ્ય હોય છે તે તમામ ભૌતિક પર્યાવરણ, વાહનવ્યવહાર, માહિતી અને પ્રત્યાયયન પ્રૌદ્યોગિકી સહિત માહિતી અને સંવાદ સેવાઓ અને અન્ય સુવિધાઓ અને સેવાઓની સુગમ્યતા સુનિશ્ચિત કરવા માટેના ચોક્કસ ઉપાયો ઉપલબ્ધ કરી આપે છે અને તેમાં સુગમ્યતાની આડે આવતા અવરોધો અને અડચણોની ઓળખ કરી તેને દૂર કરવાના ઉપાયો પણ સામેલ છે. વળી આ કરારના ભાગીદાર રાષ્ટ્ર માટે એ પણ ફરજિયાત છે કે તે જાગૃતિ નિર્માણ માટેના ઉપાયો પ્રયોજે; વાજબી અનુકૂળતા માટેની જોગવાઈ કરે; જેમકે દિવ્યાંગજને તેમના અધિકારો સમાનધોરણે ભોગવી શકે તે માટે આવશ્યક ફેરફારો અને પ્રબંધ કરે; અંગત હેરફેર માટે અવકાશ ઊભો કરે જેમકે વાહનોમાં ફેરફાર કરે / પુનઃગોઠવણ કરે; ગુણવત્તાયુક્ત હેરફેરનાં સાધનો/સુવિધાઓ ઉપલબ્ધ કરે; ઇશારાની ભાષાના ઉપયોગોને પ્રોત્સાહન આપી તેને માટે સુવિધા કરી આપે; બ્રેઇલ તેમજ સંવાદ માટેનાં અન્ય સુગમ્યતાયુક્ત પ્રકારો, સમાવેશક શિક્ષણ, દિવ્યાંગજનોને મહત્તમ સ્વતંત્રતા મળે તે પ્રકારની સમર્થનકારી સેવાઓ, કૌશલ્યવિકાસ/વ્યાવસાયિક/ધંધાકીય પુનઃસ્થાપન મારફતે રોજગારી માટેની તકો વધારવી વગેરે. આ કરાર વિશેષમાં ભાગીદાર રાષ્ટ્રો ઉપર એ

જવાબદારી પણ ઇચ્છે છે કે દિવ્યાંગજનો સાંસ્કૃતિક જીવનમાં, મનોરંજનમાં, નવરાશની પ્રવૃત્તિઓ અને રમતગમતની પ્રવૃત્તિઓમાં અન્યોની સાથે સમાનકક્ષાએ ભાગ લઈ શકે તે માટે યોગ્ય તે ઉપાયો પ્રયોજવામાં આવે.

1.04 દિવ્યાંગજન માટેના 1995ના અધિનિયમના અમલ માટેની યોજના સામાજિક ન્યાય અને અધિકારિતાના મંત્રાલય માટેની નવમી પંચવર્ષીય યોજનામાં ઘડવામાં આવી હતી. મંત્રાલય 1995ના દિવ્યાંગજન માટેના અધિનિયમના અમલ માટેની યોજના – SIPDA – નો અમલ દિવ્યાંગજનો માટેના અધિનિયમમાં સૂચિત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવા માટે કરી રહેલ છે. મંત્રાલય આ યોજના અંતર્ગત 1999થી, મંત્રાલયે મંજૂર કરેલ કાર્યપદ્ધતિ / માર્ગદર્શિકા અનુસાર, વર્ષોવર્ષ નાણાભંડોળ છૂટું કરે છે. યોજનાની ઔપચારિક પ્રસિદ્ધિ 28-1-2016ના દિવસે કરવામાં આવી હતી.

2. **યોજનાનું નામ** : આ યોજના ‘દિવ્યાંગજનના અધિકારોની અધિનિયમના અમલ માટેની યોજના – SIPDA’ કહેવામાં આવશે.

3. **ઉદ્દેશ** : યોજનાનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગજનોના અધિકારો સંબંધિત અધિનિયમની વિવિધ જોગવાઈઓનો અસરકારક અમલ માટે વિવિધ ક્ષેત્રીય સામૂહિક અભિગમ સહિતનાં પગલાં માટે અમલીકરણ કરતી વિવિધ સંસ્થાઓને સહાય કરવાનો છે.

4. **વ્યાખ્યાઓ** : વિવિધ પ્રકારની દિવ્યાંગતાની વ્યાખ્યાઓ વખતોવખત થતા સુધારા અનુસાર દિવ્યાંગજનોના અધિકારો સંબંધિત અધિનિયમ, 2016માં તેમજ નેશનલ ટ્રસ્ટ અધિનિયમ, 1999માં આપવામાં આવેલી વ્યાખ્યાઓ પ્રમાણે રહેશે.

5. **વ્યાપ** : આ યોજનાનો અમલ યોજનામાં દર્શાવ્યા અનુસાર અમલીકરણ કરતી સંસ્થાઓ મારફતે કરવામાં આવશે. યોજના હેઠળની પ્રવૃત્તિઓ / પ્રયોજનાઓનો અમલ અને વહીવટ ખુદ અમલીકરણ કરતી સંસ્થાઓ જ

કરશે. આ સંસ્થાઓને જુદી જુદી પ્રવૃત્તિઓ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે નાણાકીય સહાય આપવામાં આવશે.

(i) દિવ્યાંગજનો માટે અવરોધમુક્ત વાતાવરણ ઉપલબ્ધ કરવું; જેમાં શાળાઓ, કૉલેજો, વિદ્યાકીય અને તાલીમી સંસ્થાઓ, કચેરીઓ અને જાહેર મકાનો, મનોરંજનનાં સ્થાનો, આરોગ્ય કેન્દ્રો/હોસ્પિટલો વગેરેનો સમાવેશ થાય છે તે તમામમાં ઢોળાવ, કઠેડા, લીફ્ટ, વ્હીલચેર વાપરનારાઓ માટે સુગમ્ય શૌચાલય, બ્રેઇલ લિપિ, શ્રાવ્ય સૂચનાઓ, સ્પર્શજન્ય ભોંયતળિયું, વ્હીલચેર વાપરનાર સહેલાઈથી પ્રવેશ કરી શકે તેવા ઢોળાવવાળા માર્ગો અને અંકુશિત કે કાપીને કાઢેલો (curly cuts) માર્ગ, દૃષ્ટિહીનો માટે એક અલ્પદૃષ્ટિવાળા માટે ઝીબ્રા ક્રૉસિંગની સપાટી પર કોતરેલી સપાટી અને તેઓને માટે રેલ્વે પ્લેટફૉર્મની ધાર પર પણ કોતરેલ સપાટી અને દિવ્યાંગતાદર્શક યોગ્ય પ્રતીકોની વ્યવસ્થા વગેરે

(ii) એનઆઇસી અને વહીવટી સુધારણા અને વિવાદઉકેલ વિભાગ, ભારત સરકારે જારી કરેલી (D/o AR & PG) ભારત સરકારની વેબસાઇટ માટેની માર્ગદર્શિકા અનુસાર કેન્દ્ર/રાજ્ય અને જિલ્લા કક્ષાએ સરકારી વેબસાઇટ દિવ્યાંગજનો માટે સુગમ્ય બનાવવી. તે માર્ગદર્શિકા તેમની વેબસાઇટ 'http://darpg.nic.in' પર ઉપલબ્ધ છે.

(iii) દિવ્યાંગજનો માટે કૌશલ્ય વિકાસ કાર્યક્રમો (વિગતો પરિશિષ્ટ I પર છે.

(iv) બાંધકામ કરેલ સ્થાનો, વાહનવ્યવહાર વ્યવસ્થા અને માહિતી પ્રત્યાયન પર્યાવરણ-વ્યવસ્થામાં સુગમ્યતા વિસ્તૃત બનાવવી. વિભાગે 'સુગમ્ય ભારત અભિયાન'ને એક રાષ્ટ્રવ્યાપી અગત્યના અભિયાન તરીકે વિભાવનાયુક્ત બનાવેલ છે, જેનો ઉદ્દેશ દિવ્યાંગજનોને સમાન તક પ્રાપ્ત થાય, તેઓ સ્વતંત્રપણે જીવી શકે અને સમાવેશક સમાજમાં તેઓ તમામ બાબતોમાં સંપૂર્ણપણે

ભાગીદાર બની શકે તે માટે તેમને સર્વતોમુખી સુગમ્યતા ઉપલબ્ધ કરી આપવાની છે. આ અભિયાનમાં સુગમ્યતા ઓડિટ હાથ ધરવાનો તેમજ બાંધકામ કરવામાં આવેલ જાહેર સ્થાને/માળખાંઓને અને વાહનવ્યવહાર, પર્યાવરણ વ્યવસ્થા અને આઇ.ટી.સી. એટલે કે માહિતી-પ્રત્યાયન-પ્રૌદ્યોગિકી વ્યવસ્થાને સંપૂર્ણપણે સુગમ્ય બનાવવાનો છે. (વિગતો પરિશિષ્ટ II પર છે.)

(v) સંયુક્ત પ્રાદેશિક કેન્દ્રો (CRC^S)પ્રાદેશિક કેન્દ્રો/આઉટરીચ કેન્દ્રો અને જિલ્લા દિવ્યાંગતા પુનઃસ્થાપન કેન્દ્રો (DDRC^S)ને સહયોગ પ્રદાન કરવો અને જ્યાં જ્યાં જ્યારે જરૂર જણાય ત્યાં નવા CRC^S અને DDRC^S ઊભા કરવાં.

(vi) દિવ્યાંગતાનું પ્રમાણપત્ર જારી કરવા માટે, ઓળખ અને મોજણી; દિવ્યાંગજનો માટેની સાર્વત્રિક ઓળખમાં રાજ્ય સરકારોને સહાય કરવા માટે શિબિરો યોજવી.

(vii) વિવિધ હિતધારકો માટે જાગૃતિપ્રેરક અભિયાન અને સંવેદનશીલતા કાર્યક્રમો પ્રયોજવા તેમજ માહિતી-શિક્ષણ-પ્રત્યાયન (IEC) કાર્યક્રમો પ્રયોજવા, જાગૃતિ પ્રેરવા માટેની અને પ્રસિદ્ધિ માટેની યોજનાનો અમલ. (વિગતો પરિશિષ્ટ III પર છે.)

(viii) દિવ્યાંગતાના મુદ્દા, કાઉન્સેલિંગની માહિતી માટે અને સમર્થનકારી સેવાઓ માટે માહિતીના પ્રસારણની સુવિધા માટે સમર્થન સંસાધન કેન્દ્રો સ્થાપવાં.

(ix) ભૌતિક અને ડિજિટલ બંને પ્રકારનાં પુસ્તકાલયોમાં તેમજ અન્ય જ્ઞાન કેન્દ્રોમાં સુગમ્યતાને પ્રોત્સાહન આપવું.

(x) દિવ્યાંગતા પુનઃસ્થાપનના ક્ષેત્રે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવું. દિવ્યાંગતા સંબંધિત ટેકનોલોજી, ઉત્પાદન અને મુદ્દાઓ સંબંધિત યોજનાનો અમલ. (વિગતો પરિશિષ્ટ IV પર છે.)

(xi) જિલ્લા મથકોએ / સરકારી તબીબી કૉલેજના સ્થાન પર વહેલાસરનું નિદાન અને દરમિયાનગીરી કેન્દ્રો સ્થાપવાં; જેથી બધિર શિશુઓ અને નાનાં બાળકોને નિયમિત શાળાએ જવા સંબંધિત બાબતોમાં આવશ્યક કૌશલ્ય પ્રાપ્ત કરાવી શકાય.

(xii) માળખાગત સુવિધાઓ માટે રાજ્ય સરકારોને દિવ્યાંગજન માટેના રાજ્ય કમિશનરની જગાઓ મંજૂર કરવી.

(xiii) જ્યાં યોગ્ય તે સરકાર / સ્થાનિક તંત્ર પાસે પોતાની જમીન ઉપલબ્ધ હોય ત્યાં દિવ્યાંગજનો માટે ખાસ મનોરંજન કેન્દ્રો / બાગ-બગીચા બનાવવા તેમજ પ્રવર્તમાન બાગ-બગીચા અને અન્ય શહેરી માળખાઓમાં અવરોધસહિત ધારાધોરણ ઉપલબ્ધ કરવાં.

(xiv) રાષ્ટ્રીય/રાજ્ય કક્ષાની રમતગમત સ્પર્ધાઓ માટે સહયોગ ઉપલબ્ધ કરવા.

(xv) નવી યોજનાઓ/પ્રાયોજનાઓ ઘડવા માટે વિસ્તૃત પ્રાયોજના અહેવાલ તૈયાર કરવા માટે તજજ્ઞ પરામર્શકોને રોકવા માટેના ખર્ચ ઉપલબ્ધ કરવા સહયોગ આપવો.

(xvi) કેન્દ્ર/રાજ્ય સરકારો/સ્થાનિક તંત્રો અને અન્ય સેવા ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકોને માટે નોકરી દરમિયાનની તાલીમ અને સંવેદનશીલતા. (વિગતો પરિશિષ્ટ V પર છે.)

(xvii) દિવ્યાંગજનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી ઉપલબ્ધ કરવા માટે નોકરી દાતાઓને પ્રોત્સાહન (વિગતો પરિશિષ્ટ VI પર છે.)

(xviii) અધિનિયમમાં સૂચિત અન્ય કોઈપણ પ્રવૃત્તિ જેને માટે સહાય ઉપલબ્ધ કરાઈ નથી અથવા વિભાગની પ્રવર્તમાન યોજનાઓમાં જે સમાવિષ્ટ નથી તેવી કોઈપણ પ્રવૃત્તિમાં નાણાકીય સહાય.

6. **સહાયનો પ્રકાર** : આ કેન્દ્ર સરકારની કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

7. **અમલીકરણ કરતી સંસ્થાઓ**

અમલ કરતી સંસ્થાઓને સીધેસીધું જ નાણાભંડોળ ઉપલબ્ધ કરાશે. નીચેના પ્રકારની સંસ્થાઓને સહાયક અનુદાનના ધોરણે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવામાં આવશે :

(i) રાજ્ય સરકારના વિભાગો

(ii) કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર સ્થાપિત સ્વાયત્ત સંસ્થાઓ / કાયદા હેઠળ નિર્મિત સંસ્થાઓ / જાહેરક્ષેત્રનાં સાહસો અને કેન્દ્ર / રાજ્ય યુનિવર્સિટીઓ

(iii) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળનાં રાષ્ટ્રીય સંસ્થાનો/CRC[S]/DDRC[S]/RC[S]/આઉટરીચ કેન્દ્રો.

(iv) સોસાયટીઝ રજિસ્ટ્રેશન અધિનિયમ, 1980 હેઠળ અથવા ઇન્ડિયન ટ્રસ્ટ અધિનિયમ 1882 હેઠળ અથવા કંપનીઝ એક્ટ, 1956 હેઠળ નોંધાયેલી સંસ્થાઓ

(v) કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર દ્વારા માન્ય રમતગમતની સંસ્થાઓ અને મહામંડળો

8. **જિલ્લા દિવ્યાંગજન પુનઃસ્થાપન કેન્દ્રો ($DDRC_S$)માટે નાણાભંડોળ)** : $DDRC_S$ ના માત્ર અસરકારક કાર્ય માટે $DDRC_S$નાં તમામ અંશો માટે SIPDA અંતર્ગત નાણા ચૂકવાશે. નિર્દિષ્ટ જિલ્લાઓમાં જિલ્લા દિવ્યાંગજન પુનઃસ્થાપન કેન્દ્રો($DDRC_S$)ની સ્થાપના માટેની વિગતો પરિશિષ્ટ VII પર છે.

9. **જિલ્લા વહેલી દરમિયાનગીરી (early intervention) કેન્દ્રો** : દરેક પ્રકારની દિવ્યાંગતા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતાં જિલ્લા વહેલી દરમિયાનગીરી કેન્દ્રોને વિભાગની યોજનાઓ સાથે સંલગ્ન કરાશે.

10. **ભલામણ** : કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત પ્રદેશ / રાષ્ટ્રીય સંસ્થાન / મંત્રાલય દ્વારા અધિકૃત કરાયેલી અન્ય કોઈપણ સંસ્થા દિવ્યાંગજનના સશક્તિકરણ માટેના વિભાગને પોતાની ભલામણ મોકલશે.

કેન્દ્રીય/રાજ્ય યુનિવર્સિટીઓ સહિતની સ્વાયત્ત સંસ્થાઓએ, કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત કે સહાયિત સંસ્થાઓ સંબંધિત કેન્દ્ર / રાજ્ય સરકાર મારફતે પોતાની દરખાસ્તો મોકલવી જોઈએ. રમતગમતની સંસ્થાઓ/મહામંડળોને માટે જે – તે સરકારની મંજૂરી / સંબંધિત મંત્રાલય કે વિભાગ દ્વારા 'ના વાંધા પ્રમાણપત્ર' મોકલવું જરૂરી છે.

11. **નાણાભંડોળની પદ્ધતિ** : ફકરાનં. 5માં દર્શાવેલી કોઈપણ પ્રવૃત્તિ માટે નાણાકીય સહાય મેળવવા ઇચ્છતી, આ યોજનામાં આવરી લેવામાં આવેલી કોઈપણ સંસ્થાએ અન્ય બાબતોની સાથેસાથે, પોતે કયા પ્રકારનું કાર્ય કે પ્રવૃત્તિ કરવાની ઇચ્છા ધરાવે છે તેનું વર્ણન કરતી, વ્યાપ, લક્ષિત લાભાર્થી, તેને માટે કુલ ખર્ચ, પ્રાયોજના માટેનું સમયપત્રક વગેરે વિગતો દર્શાવતી વિસ્તૃત દરખાસ્ત દિવ્યાંગજનના સશક્તિકરણ માટેના વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હીને મોકલી આપવાની રહેશે. આ દરખાસ્ત, સહાય મેળવવા ઇચ્છતી જે – તે સંસ્થાના વડાની મંજૂરીથી મોકલેલી હોવી જોઈએ. આ દરખાસ્તમાં, સંસ્થાએ આ યોજના અંતર્ગત ભૂતકાળમાં કોઈ પ્રવૃત્તિ હાથ ધરી હોય તો તેની હાલની પરિસ્થિતિ દર્શાવીને તેનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. દરખાસ્તમાં નીચેની વિગતો સામેલ કરવી જરૂરી છે :

- સંસ્થાનું નામ અને વિગતો; સરકારી સંસ્થા / કાનૂન અંતર્ગત સ્થપાયેલી સંસ્થા અથવા સ્વાયત્ત સંસ્થા હોય તો તેનો વિભાગ વગેરે
- સૂચિત પ્રાયોજના / કાર્યક્રમની જરૂરિયાત અને સંભવિત ઉપલબ્ધિ
- લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના જે લાભ થવા પાત્ર હોય તે લાભની વિગતો
- જ્યાં લાગુ પડતું હોય ત્યાં લાભાર્થીઓની સંખ્યા
- પ્રાયોજનાનું અંદાજી ખર્ચ – આઇટમ મુજબ અને વિગતો સાથે

- પ્રાયોજના જો શરૂ કરવામાં આવે તો તેના અમલમાં શું કોઈ આવર્તક ખર્ચ સંકળાયેલું છે? જો હોય તો, તેની વિગતો અને તે ખર્ચ મેળવવા માટેની પદ્ધતિ
- પ્રાયોજના / કાર્યક્રમના અમલ માટેનું સમયપત્રક
- પ્રાયોજના / કાર્યક્રમ હાથ ધરનાર નોડલ અધિકારીનું નામ અને અન્ય વિગતો; પ્રાયોજનાનું સ્થળ અને જો બાંધકામ કરવાનું હોય તો વિસ્તૃત સ્થાપત્તીય નકશો
- દરખાસ્ત માટેનું વાજબીકરણ
- સૂચિત કાર્ય માટે અમલીકરણ સંસ્થા પસંદ કરવા અંગેની સૂચિત પદ્ધતિ
- જો બાંધકામ કરવાનું હોય તો CPWD / PWD ના કાર્યવાહક ઇજનેર કક્ષાના અધિકારી દ્વારા સહી કરાયેલ પ્રાથમિક ખર્ચના અંદાજો
- સુગમ્ય વેબસાઇટના કિસ્સામાં, NIC અથવા સક્ષમ ટેકનિકલ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રાથમિક ખર્ચના અંદાજો અને સૂચિત સુગમ્ય વેબસાઇટની વિગતો, હાલ ઉપલબ્ધ સુગમ્યતાની લાક્ષણિકતાઓ અને સૂચિત વધારાની લાક્ષણિકતાઓ અને સૂચિત કાર્ય માટે જે તે એજન્સી પસંદ કરવા પાછળની કાર્યપદ્ધતિ
- સુનિયંત્રણ વ્યવસ્થા
- સંબંધિત સત્તાતંત્ર દ્વારા પ્રાયોજના મંજૂરીની વિગતો
- ખાતા/વિભાગો/સંસ્થા જેમને નાણાભંડોળ તબદીલ કરવાનું છે તેના બેન્ક ખાતાની વિગતો
- રાજ્ય સરકારો સિવાયની તમામ અમલીકરણ સંસ્થાઓએ નાણામંત્રાલય દ્વારા સૂચિત કરવામાં આવેલ EAT મોડ્યુલને અનુસરવાનું રહેશે.

12. સામાન્ય રીતે સહાયક ગ્રાન્ટ એક હપ્તામાં અથવા કાર્યના પ્રકાર અને અમલીકરણના તબક્કાના આધાર પર બે હપ્તામાં છૂટી કરવામાં આવશે.

13. બિનસરકારી સંગઠનોની દરખાસ્ત સંબંધિત રાજ્ય સરકારોની ભલામણથી રજૂ કરવામાં આવશે. બિનસરકારી સંગઠનોને ફાળવવામાં આવેલ સહાયક ગ્રાન્ટ બિનસરકારી સંગઠનના PS પોર્ટલ દ્વારા નાણા મંત્રાલયના કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટસની જાહેર નાણાકીય વ્યવસ્થાપન વ્યવસ્થા(PFMS)માં પ્રતિબિંબિત થવી જોઈએ, અને તેનું નીતિ આયોગની NGO – PS પોર્ટલ સાથે જોડાણ કરવું જોઈએ.

14. યોજનાના અમલ / સુનિયંત્રણ / મૂલ્યાંકનનું પ્રત્યેક વર્ષનું ખર્ચ વાર્ષિક અંદાજપત્રના 2% સુધી મર્યાદિત રહેશે.

15. **સહાયની શરતો**

15.1 પેટાયોજનાઓ માટે અલગ ચકાસણી સમિતિઓની જોગવાઈ છે તેને બાદ કરતાં યોજના માટે સહાય છૂટી કરવાની દરખાસ્તની ચકાસણી સંયુક્ત સચિવ SIPDA, સંયુક્ત સચિવ અને નાણા સલાહકાર, નિયામક / નાયબ સચિવ SIPDA, અને દિવ્યાંગતાના ક્ષેત્રના વિભાગે નિયુક્ત કરેલા બે નિષ્ણાતોની બનેલી વિભાગની ચકાસણી સમિતિ દ્વારા કરવામાં આવશે.

15.2 અમલ કરતી સંસ્થાઓએ કરાર/નાણાકીય લેવડદેવડની બાબતોમાં સામાન્ય નાણાકીય નિયમો, 2017 / કાનૂની પ્રક્રિયા / સીવીસી માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

15.3 અમલ કરતી સંસ્થા, કોઈપણ અધિકારી / વિભાગ દ્વારા અધિકૃત કરવામાં આવેલ ત્રાહિત સંસ્થા અથવા રાજ્ય સરકાર / રાષ્ટ્રીય સંસ્થાન વગેરે દ્વારા, નિરીક્ષણ માટે ખુલ્લી રહેશે.

15.4 જ્યારે ભારત સરકારને એમ માનવાને કારણ હોય કે સહાયક ગ્રાન્ટનો ઉપયોગ મંજૂર કરવામાં આવેલ હેતુ માટે થતો નથી ત્યારે અમલ કરતી સંસ્થા પાસેથી તે રકમ શિક્ષાત્મક વ્યાજ સાથે પરત વસૂલ કરવામાં આવશે અને તે સંસ્થાને ફરી વખત સહાય ચુકવવામાં આવશે નહિ. મંત્રાલય આવી

સંસ્થાને બ્લેકલિસ્ટમાં મૂકવા માટે તેમજ તેની સામે કાયદા અનુસારનાં પગલાં લેવા માટે સ્વતંત્ર છે.

**15.5** સહાયક ગ્રાન્ટ અનાવર્તક પ્રકારના ખર્ચ માટે આપવામાં આવશે જોકે CRCs અને DDRCs ના કિસ્સામાં આવર્તક પ્રકારના ખર્ચ માટે પણ સહાયક ગ્રાન્ટ ચુકવવામાં આવશે; પરંતુ સક્ષમ સત્તાતંત્રની મંજૂરી વિના કોઈ કાયમી પ્રકારની જવાબદારી ઉપસ્થિત કરવામાં આવશે નહિ.

**15.6** અમલ કરતી સંસ્થા વેબસાઇટ નિભાવશે અને પોતાને મળેલી ગ્રાન્ટ, તેનો હેતુ, હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને જ્યાં શક્ય હોય ત્યાં લાભાર્થીઓની યાદી વેબસાઇટમાં અગ્રસ્થાને નિદર્શિત કરશે.

**15.7** અમલ કરતી સંસ્થા દરખાસ્તમાં સુચવ્યા અનુસાર પ્રાયોજનાનો સમયગાળો પૂરો થાય તેના ત્રણ મહિનાની અંદર સમગ્ર ગ્રાન્ટનું ઉપયોગિતા પ્રમાણપત્ર તેમજ પ્રાયોજના પૂરી થયાનો અહેવાલ રજૂ કરશે. જો કોઈ ગ્રાન્ટ વણવપરાયેલી રહી જશે તો તે મંત્રાલયને પરત કરવાની રહેશે. જો નિયત સમયમર્યાદાની અંદર સૂચિત પ્રાયોજનાનું કાર્ય / પ્રવૃત્તિઓ પૂરી થયેલ ન હોય અને તે પૂરાં કરવા માટે વધારાના સમયની માગણી કરવામાં આવી હોય તો સંબંધિત સંસ્થાએ મંત્રાલયને તેની જાણ કરવાની રહેશે. તેમજ વિલંબ થવા માટેનાં કારણો પણ જણાવવાનાં રહેશે. જો પ્રાયોજના નિયત સમયગાળામાં/વધારેલા સમયગાળામાં પૂરી થઈ ન હોય તે સંબંધિત સંસ્થાએ તરત જ ગ્રાન્ટ પરત કરવાની રહેશે.

**15.8** દરેક દરખાસ્ત દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગને જરૂરી દસ્તાવેજો સાથે, વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અનુસાર રજૂ કરવાની રહેશે.

**15.9** દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેનો વિભાગ, દિવ્યાંગજનાનોના અધિકાર માટેના અધિનિયમની વિવિધ જોગવાઈઓના અમલ માટે યોજનાના હેતુઓ અને ઉદ્દેશો પરિપૂર્ણ કરવા માટે વધારાની માર્ગદર્શિકા જારી કરી શકે છે.

# પરિશિષ્ટ I

## દિવ્યાંગજનો માટે કૌશલ્યવિકાસ

1. ભારતમાં દિવ્યાંગજનો રોજગારી માટેનાં કૌશલ્યો પ્રાપ્ત કરવા ઇચ્છે ત્યારે અને અર્થપૂર્ણ રોજગારીની પ્રાપ્તિમાં ઘણા પડકારોનો સામનો કરી રહે છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રોના દિવ્યાંગજનો માટેના અધિકારોના કરાર (UNCRPD) નો સ્વીકાર કરેલ છે. પરંતુ દિવ્યાંગજનો શ્રમબજાર વ્યવસ્થામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહેલ છે.

2. 2011ની વસતિગણતરી અનુસાર, ભારતમાં દિવ્યાંગજનોની વસતિ 2.68 કરોડ હતી (1.50 કરોડ પુરુષો અને 1.18 કરોડ મહિલાઓ). આમ દિવ્યાંગજનો ભારતની વસતિમાં નોંધપાત્ર ટકાવારી ધરાવતી હોવા છતાં, દિવ્યાંગજનો માટેના અધિનિયમ, 1995ના અમલ છતાં, અર્થપૂર્ણ રોજગારની તેમની જરૂરિયાત હજુ સંતોષાઈ નથી. એકંદરે વસતિમાં, ગ્રામીણ વિસ્તારમાં દિવ્યાંગજનોની વસતિ પ્રમાણમાં વધારે છે અને તેઓ ગરીબાઈની સામાન્ય ધ્યાનપાત્ર બાબતો અને આરોગ્ય સેવાઓની નબળી સંપ્રાપ્તિથી પીડાય છે. આમ ગ્રામીણ દિવ્યાંગજનો કૌશલ્યો અને બજાર વ્યવસ્થામાંથી નોંધપાત્ર રીતે કપાઈ ગયેલ છે.

3. દિવ્યાંગજનો અને તેમનાં પરિવારોના જીવનની ગુણવત્તા, સુધારવા માટે દિવ્યાંગજનોની વ્યાવસાયિક તાલીમ અને રોજગારીની તકોની સુધારણા મહત્વપૂર્ણ છે જ પરંતુ સાથેસાથે તેનાથી વ્યાપક અર્થતંત્રને પણ નોંધપાત્ર ફાયદો છે. દિવ્યાંગજનોની નીચી રોજગાર ઉપલબ્ધિની સાથે વ્યક્તિઓ અને સમાજ પર ખાસ્સો આર્થિક બોજો પડે છે. વિશ્વબૅન્કનો અંદાજ છે કે દિવ્યાંગજનોને રોજગારીથી દૂર રાખવાને પરિણામે દેશના જીડીપીમાં 5 થી 7 % જેટલું નુકસાન થાય છે. વ્યક્તિગત અને કૌટુંબિક લાભ ઉપરાંત શ્રમશક્તિમાં પણ ભાગીદારી વધશે જે એક મજબૂત આર્થિક લાભ છે અને

તેનાથી દેશમાં હાલ જે કુશળ શ્રમિકોની અછત છે તે દૂર થશે; અને સાથેસાથે તેઓના ક્ષેમકલ્યાણ માટે જે નાણા વપરાય છે તે ખર્ચ પણ ઓછું થશે.

## 4. દિવ્યાંગજનો માટે પ્રવર્તમાન કૌશલ્યતાલીમનું ચિત્ર

- રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ કોર્પોરેશન (NSDC)
- દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગનાં રાષ્ટ્રીય સંસ્થાનો તેમજ તેની સાથે સંલગ્ન સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય દિવ્યાંગ નાણા અને વિકાસ કોર્પોરેશન (NHFDC), નેશનલ ટ્રસ્ટ વગેરે દ્વારા ચલાવવામાં આવતા વ્યાવસાયિક તાલીમ અભ્યાસક્રમો.
- શ્રમ અને રોજગાર મંત્રાલય દેશભરમાં દિવ્યાંગજનો માટેનાં 20 વ્યાવસાયિક પુનઃસ્થાપન કેન્દ્રો (VRCHs) અને 10,000 કરતાં વધુ ITI[S] અને 1000 કરતાં વધુ રોજગાર વિનિમય કેન્દ્રો ઉપર દેખરેખ રાખે છે.
- સામુદાયિક કૉલેજો, માનવ સંસાધન મંત્રાલય સાથે સંલગ્ન IIT અને યુનિવર્સિટીઓ દ્વારા ટેકનિકલ વ્યાવસાયિક તાલીમના વર્ગો ચલાવવામાં આવે છે.
- બિનસરકારી સંગઠનો (NGOs) વ્યાવસાયિક તાલીમ અને કૌશલ્ય વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહેલ છે.
- ખાનગી ક્ષેત્રની તાલીમ સંસ્થાઓ : CSR પહેલ નીચે ઘણી સંસ્થાઓએ અનુકરણીય કામગીરી કરેલ છે.
- જાહેરક્ષેત્રનાં સાહસોએ પણ દિવ્યાંગજનોની વ્યાવસાયિક તાલીમ માટે નોંધપાત્ર ફાળો આપેલ છે.
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, ગ્રામીણ વિકાસ મંત્રાલય
- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન, શહેરી વિકાસ મંત્રાલય
- કેન્દ્ર સરકારનાં અન્ય મંત્રાલયો તેમજ રાજ્ય સરકારો દ્વારા વ્યાવસાયિક તાલીમ / આજીવિકા કાર્યક્રમો

## 5. મોટું અંતર

- 2011ની વસતિ ગણતરી અનુસાર 1.34 કરોડ દિવ્યાંજગનો 15થી 59 વર્ષની વયજૂથમાં રોજગારી માટે પાત્રતા ધરાવતા જૂથમાં છે; પરંતુ તે પૈકી 99 લાખ દિવ્યાંગજનો કંઈ કાર્ય કરતા ન હતા અથવા સામાન્ય કામદારો હતા.
- દિવ્યાંગજનો દેશના સૌથી ગરીબ વ્યક્તિઓમાંના છે.
- માંગ અને પુરવઠા વચ્ચેનું વિશાળ અંતર જોતાં કૌશલ્ય વિષયક તાલીમ માળખાને વધુ કાર્યરત બનાવવા માટેની તાકીદની જરૂરિયાતછે.
- વિવિધ સંસ્થાઓ / વ્યવસ્થાતંત્રો મારફતે આપવામાં આવતી તાલીમ એકસમાન નથી, ગુણવત્તાયુક્ત નથી અને રોજગારી મેળવવા માટે અધૂરી છે.
- ગ્રામીણ વિસ્તારના દિવ્યાંગજનોને હાલના તબીબી માળખામાં બહુ જૂજ માત્રામાં સુગમતા રહેલી છે.
- દિવ્યાંગજનોની કૌશલ્ય તાલીમમાં ખાનગીક્ષેત્રનું ખેડાણ ઘણું નીચું છે.
- દિવ્યાંગજનોને જુદાં જુદાં મંત્રાલયો / વિભાગો દ્વારા અપાતી તાલીમ છૂટક છૂટક પ્રકારની છે અથવા એકબીજાની સાથે તાલમેલમાં નથી.

## 6. આ માટે તાકીદની જરૂરિયાત છે :

- ગુણવત્તાયુક્ત વ્યાવસાયિક તાલીમ જેની રોજગારક્ષમતા ઊંચી હોય
- એક સમાન તાલીમી અભ્યાસક્રમ અને પદ્ધતિ
- તાલીમમાં, તેની સામગ્રી વિકસાવવામાં અને તાલીમના સુનિયંત્રણમાં અદ્યતન ટેકનોલોજીનો વિનિયોગ
- ખાનગી ક્ષેત્ર અને બિનસરકારી સંગઠનોનું તાલીમ અને રોજગાર પ્રક્રિયામાં સહભાગીપણું

- CSR નાણાભંડોળનો લક્ષિત ઉચિતતમ ઉપયોગ

7. **દિવ્યાંગજનોની કૌશલ્ય તાલીમ માટે રાષ્ટ્રીય કાર્યયોજના** :

દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગે દિવ્યાંગજનોની કૌશલ્ય તાલીમ માટે રાષ્ટ્રીય કાર્યયોજના વિકસાવી છે; જેના મુખ્ય મુખ્ય અંશ નીચે પ્રમાણે છે :

દિવ્યાંગજનોનાં સશક્તિકરણ માટેના વિભાગમાં એક પ્રાયોજના સુનિયંત્રણ એકમ (PMU) સ્થાપવામાં આવ્યું છે; જેના મુખ્ય અંશ નીચે પ્રમાણે છે :

- તાલીમની જરૂરિયાતની સમીક્ષા માટેનું એકમ
- તાલીમ સુનિયંત્રણ અને પ્રમાણિતકરણ એકમ
- નોકરીદાતા સાથે જોડાણ માટેનું એકમ
- ઇ-લર્નિંગ મોડ્યુલ/તાલીમના સુનિયંત્રણ ઇ-પ્રમાણપત્ર અને તાલીમી કેન્દ્રો / જોબ પોર્ટલના નિર્માણ અને નિભાવ વગેરે માટે આઇટી એકમ

8. વ્યાવસાયિક/કૌશલ્ય વિષયક તાલીમ એક કૌશલ્ય તાલીમ ઉપલબ્ધકારોના બનેલા નેટવર્ક દ્વારા ઉપલબ્ધ કરાશે; જેના અગ્રણીઓ હશે બિનસરકારી સંગઠનો, ખાનગી તાલીમ સંસ્થાઓ, VRCs જેવી જાહેર ક્ષેત્રની, સરકારી ક્ષેત્રની તાલીમી સંસ્થાઓ. વ્યાવસાયિક તાલીમ દેશભરમાં પથરાયેલા તાલીમ ઉપલબ્ધકારોનાં સમૂહ (cluster) દ્વારા ઉપલબ્ધ કરાશે, જેઓ ઉચ્ચ રોજગારી ઉપલબ્ધ કરવાનું પ્રમાણ ઊંચું હોવાનો ભૂતકાળ ધરાવતા હશે. તાલીમના આ ભાગીદારોને દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગ અને કૌશલ્યવર્ધન અને સાહસિકતા મંત્રાલય (MSDE) દ્વારા, તેમની ઉપલબ્ધિ અનુસારનો નાણાકીય સહયોગ ઉપલબ્ધ કરાશે. આ તાલીમ ઉપલબ્ધકારોને દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગ અંતર્ગતનાં રાષ્ટ્રીય સંસ્થાનો, માનવ સંસાધન મંત્રાલય હસ્તકની તાલીમ સંસ્થાઓ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલય તેમજ અન્ય કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારો દ્વારા સહભાગી સહયોગ ઉપલબ્ધ કરાશે.

9. દિવ્યાંગજનો માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય અને ખાનગીક્ષેત્રના સહયોગમાં એક અલગ Cross-Cutting ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલ રચવામાં આવી છે. ભારતની પુનઃસ્થાપના કાઉન્સિલ (RCI) ઉપરોક્ત ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલ અને દિવ્યાંગજનોના સશક્તિકરણ વિભાગ હસ્તકનાં વિવિધ સંસ્થાનોના સહયોગમાં રહીને તાલીમ ઉપલબ્ધકારો માટે એક સમાન અભ્યાસક્રમ અન પ્રમાણપત્ર વ્યવસ્થાપન વિકસાવવામાં સહાય કરશે.

10. વિભાગ આ તાલીમ ઉપલબ્ધકારોને જુદાં જુદાં ખાનગી ક્ષેત્રનાં સંગઠનો અને જાહેર ક્ષેત્રોના સાહસોની સાથે રોજગારી ઉપલબ્ધ કરવાના હેતુથી તેમજ CSR સહયોગ પ્રાપ્ત કરવાના હેતુથી, જોડીને સહાયરૂપ બનશે.

11. વિભાગ, આ વ્યાવસાયિક તાલીમ ઉપલબ્ધકારોના સમૂહને માળખાગત અને સંસાધાન સહાય ઉપલબ્ધ કરવા માટે સક્રિયાતાપૂર્વક સહયોગ આપવા માટે રાજ્ય સરકારો સાથે સંકલન કરશે.

12. તાલીમી ભાગીદારોના 200 કરતાં વધુ સમૂહોના નેટવર્ક દ્વારા કૌશલ્ય તાલીમ ઉપલબ્ધ કરાશે અન તે પ્રકારે દરેક સમૂહ દ્વારા પ્રથમ વર્ષમાં 500 દિવ્યાંગજનોને કૌશલ્ય તાલીમ અપાવાનું લક્ષ્ય નક્કી કરાશે, કૌશલ્ય તાલીમ માટે અગ્ર-બિનસરકારી સંગઠન (Lead NGO) નાનાં બિનસરકારી સંગઠનોને સશક્ત બનાવીને ગ્રામીણ વિસ્તારોમાં કૌશલ્ય તાલીમ માટે તેમનો સહયોગ મેળવી શકે પરંતુ આવા પ્રત્યેક તાલીમ કેન્દ્રનું સુનિયંત્રણ પ્રાયોજના સુનિયંત્રણ એકમ (PMU) દ્વારા કરવામાં આવશે. તાલીમ ઉપલબ્ધ કરનારાઓનાં નેટવર્ક અને તેમની ક્ષમતા દર વર્ષે વધતી જશે.

13. **ઉદ્દેશ અને આવૃત્તિ**

(ક) આ માર્ગદર્શિકા, 40%થી ઓછી નહિ તેવી દિવ્યાંગતા ધરાવતા તેમજ તે પ્રમાણેનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર સક્ષમ તબીબી સત્તાતંત્ર પાસેથી પ્રાપ્ત કર્યું હશે તેવા દિવ્યાંગજનોને આવરી લેશે.

(ખ) મહિલા ઉમેદવારો માટે 30% અનામત : મહિલાઓને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે દરેક તાલીમ કાર્યક્રમમાં કુલ પ્રવેશ ક્ષમતાની 30% સંખ્યા મહિલા ઉમેદવારો માટે અંકિત કરાશે.

(ગ) આ વિભાગ દ્વારા, અત્રે દર્શાવવામાં આવેલી પાત્રતાની શરતો અનુસાર જે તાલીમી સંસ્થાઓને સ્વીકૃતિ આપવામાં આવી હશે તેમની મારફતે કૌશલ્ય તાલીમ આપવામાં આવશે.

## પાત્રતાની શરતો

### 1. તાલીમ લેનાર માટેની પાત્રતા

(ક) ભારતના નાગરિક

(ખ) જેની દિવ્યાંગતા 40% કરતાં ઓછી ન હોય અને જેની પાસે સંબંધિત તબીબી અધિકારી દ્વારા તે પ્રમાણેનું પ્રમાણપત્ર જારી કરવામાં આવેલું હોય તેવી દિવ્યાંગ વ્યક્તિ

દિવ્યાંગતા, દિવ્યાંગજનો માટેના અધિકાર અધિનિયમ, 2016ની કલમ 2 માં વ્યાખ્યાયિત કરવામાં આવેલી છે તેમજ નેશનલ ટ્રસ્ટ ફોર વેલ્ફેર ઓફ પર્સન વીથ ઑટિઝમ, સેરિબ્રલ પાલ્સી, માનસિક પછાતપણું, બહુવિધ દિવ્યાંગતા અધિનિયમ 1999ની કલમ 2(જે)માં તેમજ અન્ય કોઈ સંબંધિત કાનૂન અસ્તિત્વમાં હોય તેમાં વ્યાખ્યાયિત કર્યા મુજબની દિવ્યાંગતા.

(ગ) **ઉંમર** : અભ્યાસક્રમ માટેની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે 15 વર્ષથી 59 વર્ષની વચ્ચે

(ઘ) અરજદારો, તેણે જે અભ્યાસક્રમ માટે અરજી કરી હોય તે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલાનાં બે વર્ષ દરમિયાન તેણે ભારત સરકાર દ્વારા પુરસ્કૃત કોઈપણ કૌશલ્ય તાલીમ અભ્યાસક્રમમાં તાલીમ લીધી હોવી ન જોઈએ.

### 2. અમલ કરતી સંસ્થા (તાલીમ ઉપલબ્ધ કરનારાઓ) માટેની પાત્રતા

**(ક)** આ યોજના અમલ કરતી સંસ્થાઓ જેમને હવે પછી 'તાલીમ ભાગીદારો' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમના દ્વારા અમલમાં મૂકવામાં આવશે. નીચે દર્શાવેલ પ્રકારની સંસ્થાઓને તાલીમ કાર્યક્રમો યોજવા માટે સહાયક ગ્રાન્ટના ધોરણે નાણાકીય સહાય ઉપલભ્ય કરવામાં આવશે :

(i) રાજ્ય સરકારોના વિભાગો અથવા

(ii) સ્વાયત્ત સંસ્થાઓ / કાનૂન હેઠળ રચાયેલ સંસ્થાઓ / કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ જાહેર સાહસો અને કેન્દ્ર કે રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ અથવા

(iii) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળનાં રાષ્ટ્રીય સંસ્થાનો; $CRC_S$/$DDRC_S$/$RC_S$/આઉટરીચ કેન્દ્રો; અથવા

(iv) સોસાયટીઝ રજિસ્ટ્રેશન અધિનિયમ, 1860 અથવા ઇન્ડિયન ટ્રસ્ટ એક્ટ, 1882 અથવા કંપનીઝ એક્ટ, 1956 હેઠળ નોંધાયેલ સંસ્થાઓ જેમને કેન્દ્ર / રાજ્ય સરકારના વિભાગોએ અથવા તેની હેઠળનાં સત્તાતંત્રોએ કૌશલ્ય તાલીમ માટે માન્યતા આપી હોય;

**(ખ)** સંસ્થાને ઓછામાં ઓછા ત્રણ વરસનો કૌશલ્ય તાલીમ કાર્યક્રમ કરવાનો અનુભવ હોવી જોઈએ.

**(ગ)** બિનસરકારી સંગઠનોના કિસ્સામાં, તેઓ નીતિ-આયોગના NGO – PS (NGO પાર્ટનરશીપ) હેઠળ નોંધાયેલા હોવા જોઈએ અને તેમની પાસે તેની આગવી ઓળખનંબર (Unique ID) હોવી જોઈએ આ આગવી ઓળખ સંબંધિત બિનસરકારી સંગઠનોએ તેમની સહાય માટેની અરજી મોકલતી વખતે આદેશાત્મક રીતે નોંધવો જરૂરી છે.

**3. અરજી કરવાની પદ્ધતિ અને પસંદગી**

**તબક્કો – 1**

ક. અગ્રગણ્ય વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને તેમજ વેબસાઇટ મારફતે તેમજ અન્ય મિડિયા માધ્યમો મારફતે જાણ કરીને આ યોજના અંતર્ગત દિવ્યાંગજનોને કૌશલ્ય તાલીમ આપવા માટે તાલીમ ભાગીદાર તરીકે નોંધણી કરાવવા માટે પાત્રતા ધરાવતી સંસ્થાઓ પાસેથી રસ ધરાવવા સંબંધિત અરજીઓ મંગાવવામાં આવશે. અરજી માટેનો નમૂનો અને તેની સાથે જોડવાના દસ્તાવેજોની યાદી અનુક્રમે બિડાણ I અને બિડાણ IIમાં બતાવ્યાં છે. તાલીમ ભાગીદાર તરીકે પેનલમાં પોતાને સામેલ કરવા માટેની સંસ્થાઓ તરફથી દરખાસ્તોની ચકાસણી કરીને પસંદગી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે; જે જે – તે સંસ્થાઓના પૂર્વ અનુભવ, તજજ્ઞતા, માળખાકીય સુવિધાઓ અને ઉપલબ્ધ માનવશક્તિ તેમજ અન્ય સંબંધિત બાબતોના માપદંડના આધાર પર જે-તે સંસ્થાઓની પસંદગી કરશે. તાલીમી ભાગીદારોની પસંદગી એક સતત ચાલતી પ્રક્રિયા બની રહેશે.

(ક) **પસંદગી સમિતિ રચના** : તાલીમી ભાગીદારો પસંદ કરવા માટેની સમિતિ નીચેના સભ્યોની બનેલી રહેશે :

| | |
|---|---|
| 1) દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગના સંબંધિત સંયુક્ત સચિવ | અધ્યક્ષ |
| 2) સંયુક્ત સચિવ અને નાણા સલાહકાર (DEPwD)નો હવાલો ધરાવતા અથવા તેમની અનુપસ્થિતિમાં નિયામક (IED) | સભ્ય |
| 3) કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સંબંધિત સંયુક્ત સચિવ અથવા તેમના દ્વારા નિયુક્ત નિયામક/નાયબ સચિવ કક્ષાના કોઈ અધિકારી | સભ્ય |

| | |
|---|---|
| 4) અધ્યક્ષ અને મેનેજિંગ ડાયરેક્ટર, રાષ્ટ્રીય દિવ્યાંગ નાણા અને વિકાસ કોર્પોરેશન (NHFDC) | સભ્ય |
| 5) દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગના સંબંધિત નાયબ સચિવ | સભ્ય સચિવ (કન્વીનર) |
| 6) નીચેની સંસ્થાઓમાંથી પ્રત્યેકના 1 – 1 પ્રતિનિધિ<br>(i) નેશનલ સ્કીમ ડેવલપમેન્ટ કોર્પોરેશન<br>(ii) ભારતીય ઉદ્યોગોનું મહામંડળ (CII)<br>(iii)ભારતીય ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (FICCI) મહામંડળ | |
| 7) PwDsના ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલના મુખ્ય કારોબારી અધિકારી | સભ્ય |
| 8) દિવ્યાંગજનોના પુનઃસ્થાપન અને તાલીમ ક્ષેત્રે સક્રિય બિનસરકારી સંગઠનોના જુદી જુદી દિવ્યાંગતાનું પ્રતિનિધિત્વ ધરાવતા કુલ 3 પ્રતિનિધિઓ* | સભ્યો |

* પસંદગી સમિતિની પ્રત્યેક બેઠક વખતે આ સભ્યોને વિભાગ દ્વારા કો-ઓપ્ટ કરવામાં આવશે.

**(ખ)** સમિતિને જ્યારે જરૂર જણાય ત્યારે કોઈપણ તજજ્ઞને ખાસ આમંત્રિત તરીકે બોલાવી શકશે.

**(ગ)** સમિતિ સમયાંતરે (દર ત્રણ મહિને ઓછામાં ઓછી એક) બેઠક બોલાવશે; જેમાં જેમણે પોતાની દરખાસ્ત મોકલી હશે તેવી સંસ્થાઓમાંથી તાલીમી ભાગીદારો પસંદ કરશે.

**(ઘ)** જ્યાં સુધી ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલની રચના ન થાય ત્યાં સુધી અને જ્યાં સુધી તે સંપૂર્ણરીતે કાર્યાન્વિત ન થાય ત્યાં

સુધી આ સમિતિ જુદાં જુદાં કૌશલ્યોની તાલીમ માટેના સૂચિત અભ્યાસક્રમો નક્કી કરશે/મંજૂર કરશે તેમજ ઉપલબ્ધ કરાતી તાલીમની ગુણવત્તાનું અંગત મુલાકાતના આધાર પર અથવા અન્ય પ્રકારના પ્રતિભાવોના આધાર પર મૂલ્યાંકન કરશે.

**(ચ)** પસંદગી સમિતિના બિનસરકારી સભ્યોને ભારત સરકારમાં નિયામકના સમકક્ષ હોદ્દા – અનુસાર ટી.એ./ડી.એ. મળવાપાત્ર રહેશે.

**(છ)** સમિતિને જે સંસ્થા સુયોગ્ય લાગશે તે સંસ્થાનો ત્રણ વરસના સમયગાળા માટે આ યોજના નીચે દિવ્યાંગજનોને માટે તાલીમ કાર્યક્રમો યોજવા માટે તાલીમી ભાગીદારો તરીકેની પેનલમાં સમાવેશ કરાશે.

## તબક્કો II

**ખ.** તાલીમ ભાગીદાર તરીકેની પેનલમાં સમાવિષ્ટ સંસ્થાઓ તેમના દ્વારા હાથ ધરવામાં આવનાર તાલીમ કાર્યક્રમો માટે નવેસરથી દરખાસ્ત ટેકનિકલ અને નાણાકીય બાબતો સાથેની જે-તે સ્થાને તાલીમ કાર્યક્રમો યોજવાના હોય તે સંબંધિત રાજ્ય સરકારની ભલામણ સાથે મોકલી આપશે. આ પ્રાયોજનાકીય દરખાસ્તો ધ્યાનમાં લેવા માટે નીચેની પ્રક્રિયા અનુસારવામાં આવશે.

(i) જો તાલીમી ભાગીદાર સંસ્થા સરકારી સંસ્થા હશે તો તેઓ માટે રાજ્ય સરકારની ભલામણ માટે આગ્રહ રાખવામાં આવશે નહિ. આનું કારણ એ છે કે SGRમાટેની નીતિ આયોગની શરત માત્ર બિનસરકારી સંગઠનોને લાગુ પડે છે.

(ii) પેનલમાં સમાવિષ્ટ તાલીમી ભાગીદાર સંસ્થા જો બિનસરકારી સંગઠન હશે તો નીચેની કાર્યપદ્ધતિ અનુસરવામાં આવશે.

(ક) નેશનલ સ્કીમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC)/ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલ (SSC) ભાગીદાર / દીનદયાળ દિવ્યાંગ પુનઃસ્થાપન યોજના (વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો) અંતર્ગત અનુદાન મેળવતી સંસ્થાઓને સીધેસીધી ધ્યાનમાં લેવામાં આવશે અને તે માટે સંબંધિત રાજ્ય સરકારની ભલામણની રાહ જોવાની જરૂર રહેશે નહિ.

(ખ) ઉપર (ક)માં સમાવેશ નહિ પામેલ ETPના કિસ્સામાં જો સંબંધિત રાજ્ય સરકારના વિભાગમાંથી ભલામણ ૩૦ દિવસની અંદર પ્રાપ્ય નહિ થઈ હોય તો સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ/જિલ્લા કલેક્ટરની ભલામણોને પર્યાપ્ત લેખવામાં આવશે.

(ગ) જો જિલ્લા મેજિસ્ટ્રેટ/જિલ્લા કલેક્ટર કક્ષાઓથી પણ, પ્રાયોજના દરખાસ્ત રાજ્ય સરકારને મોકલ્યાના એક મહિનાની અંદર ભલામણ નહિ આવી હોય તો, નીચેની કાર્યપદ્ધતિ અનુસરવામાં આવશે :

(ગ-1) દિવ્યાંગજનો માટેની કૌશલ્ય કાઉન્સિલ(SCPwD)ના ઓછામાં ઓછા બે સભ્યોની બનેલી અથવા આ વિભાગ દ્વારા અધિકૃત કરાયેલ બે વ્યક્તિઓની બનેલી નિરીક્ષણ ટીમ, જેમાં એક સભ્ય આ વિભાગના હોય અથવા આ વિભાગના અંકુશ હેઠળની કચેરીના હોય તો કામ ચાલી શકશે.

પ્રાયોજનાકીય દરખાસ્તોની ચકાસણી કરવામાં આવશે અને જો પસંદગી સમિતિને તે યોગ્ય જણાશે તો તે સંસ્થાને સહાયક ગ્રાન્ટના સ્વરૂપે નાણાકીય સહાય મંજૂર કરવામાં આવશે.

## 4. તાલીમનો અભ્યાસક્રમ

(ક) NSDCએ દિવ્યાંગજનો માટે ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલની રચના કરી છે.

(ખ) જ્યારે ક્ષેત્રીય કાઉન્સિલ પૂર્ણ સ્વરૂપે કાર્યાન્વિત થશે ત્યારે તે ઉદ્યોગો અને અન્ય ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલો સાથે આંતરક્રિયા કરીને દિવ્યાંગજનો માટે નોકરીની ભૂમિકા (Job roles) અને વ્યાવસાયિક ધોરણો નક્કી કરશે; જે જુદા જુદા કૌશલ્ય તાલીમ અભ્યાસક્રમો માટે તાલીમ અભ્યાસક્રમ નક્કી કરવા માટેનો આધાર બનશે.

(ગ) જ્યાં સુધી ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલ પૂર્ણતઃ કાર્યાન્વિત ન થાય ત્યાં સુધી, ઉપર સૂચિત કરવામાં આવેલ સમિતિ, તાલીમી ભાગીદારો નક્કી કરવાની સાથે સાથે દિવ્યાંગજનોને કૌશલ્ય તાલીમ આપવા માટે તાલીમ ભાગીદારોને જે અભ્યાસક્રમ અનુસરવાનો છે, તે અભ્યાસક્રમ પણ નક્કી કરશે.

(ઘ) ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI) અને દિવ્યાંગજનો સશક્તિકરણ માટેના વિભાગ સાથે સંકળાયેલાં રાષ્ટ્રીય સંસ્થાનો, જુદી જુદી નોકરીઓ માટે એકસમાન તાલીમ કાર્યક્રમ ઘડવામાં સમિતિની સાથે જોડાશે.

## 18. નાણાભંડોળ માટેનાં ધારાધોરણો

(ક) કૌશલ્ય તાલીમ યોજનાઓ માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયે તેમના તા. 15મી જુલાઈ 2018 અને તા. 20-5-2016ના, વખતોવખતના સુધારા સાથે જે જાહેરનામું નં. H/22011/2/2014-SDE-I દ્વારા જે સામાન્ય ધારાધોરણો જાહેર કર્યાં છે તે યથાયોગ્ય ફેરફારો સાથે તાલીમી ખર્ચ, રહેઠાણ અને ભોજનખર્ચ, વાહનવ્યવહાર / હેરફેરખર્ચ, ત્રાહિતપક્ષ દ્વારા પ્રમાણિતકરણનું ખર્ચ, નોકરી અપાવ્યા પછીના સહયોગ માટેનું ખર્ચ વગેરે સંબંધિત તમામ નાણાકીય ધારાધોરણો આ યોજના માટે લાગુ પડશે.

**(ખ)** તાલીમાર્થીઓ માટે ભોજન અને રહેઠાણ માટેના ભથ્થા માટેની રકમ, વાહનવ્યવહાર / હેરફેર માટેના ખર્ચની રકમ નીચેના પ્રકારે છૂટી કરવામાં આવશે :

(i) તાલીમાર્થીને મળવાપાત્ર ભોજન અને રહેઠાણ માટેના ભથ્થાઓની રકમ અને વાહનવ્યવહાર / હેરફેર માટેના ખર્ચની રકમ પેનલમાં સમાવિષ્ટ તાલીમ ભાગીદાર સંસ્થાને તાલીમના ખર્ચની રકમ સાથે જ ચૂકવાશે. આ ચુકવણી ત્રણ હપ્તામાં એટલે કે 30%, 50%, અને 20% એ પ્રમાણે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સામાન્ય ધોરણોમાં સૂચવ્યા અનુસાર ચૂકવાશે.

(ii) જે તાલીમ ભાગીદારોને તાલીમ ખર્ચના પ્રથમ હપ્તાની 30% રકમ છૂટી કરવામાં આવી છે તેમને, તેઓ જેમને તાલીમ આપશે તે તાલીમર્થીઓને મળવાપાત્ર ભોજન અને રહેઠાણ ભથ્થા અને વાહનવ્યવહાર / હેરફેર ભથ્થાની મળવાપાત્ર રકમ પણ છૂટી કરાશે.

(iii) દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગ દ્વારા ઉપરોક્ત રકમ પ્રાપ્ત થતાં, ભાગીદાર તાલીમ સંસ્થાએ, જે તાલીમાર્થીઓને જેટલી મળવાપાત્ર રકમ હોય તે તેમના બેન્કના ખાતામાં બારોબાર જમા કરાવી, આ વિભાગને તેમનાં નામ, સરનામાં, આધારનંબર, બેન્કખાતાનંબર વગેરે વિગતો સાથેનો અહેવાલ મોકલવાનો રહેશે.

(iv) જે કિસ્સામાં તાલીમ ભાગીદાર સંસ્થા તાલીમાર્થીઓ માટે હોસ્ટેલ અથવા વાહનવ્યવહારની વ્યવસ્થા કરે તેઓ આ મથાળા નીચે, વિભાગમાંથી પ્રાપ્ત થયેલ રકમ પૈકી આ ખર્ચ બાદ કરીને ખર્ચનું પત્રક તે મુજબ દર્શાવશે.

**19. તાલીમની ગુણવત્તાનું સુનિયંત્રણ**

દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેનો વિભાગ, તાલીમી ઉપલબ્ધ કરનાર સંસ્થા દ્વારા અપાતી તાલીમના ગુણવત્તાના સુનિયંત્રણ માટેની પ્રયુક્તિ ઘડી કાઢશે જે તમામ તાલીમ ઉપલબ્ધ કરનાર સંસ્થાઓને માટે માન્ય રહેશે.

**20. કૌશલ્ય વિકાસ માટેનું વહીવટી ખર્ચ**

દિવ્યાંગજનો માટેના કૌશલ્ય વિકાસ માટેની રાષ્ટ્રીય કાર્યયોજનાના અમલ માટે નીચે પ્રમાણે વહીવટી ખર્ચ થવા સંભવ છે :

(ક) ફકરાનં. 6.07 પ્રમાણે પ્રાયોજનાના સુનિયંત્રણ એકમ(PMU)ની રચના અને સદર PMU માટે આવશ્યક માનવશક્તિ માટે

(ખ) લક્ષિત લાભાર્થી જૂથમાં જાગૃતિ પેદા કરવા માટે જાહેરાતની પ્રસિદ્ધિ અને અન્ય પ્રસિદ્ધિ સામગ્રી

(ગ) યોજનાની અસર તપાસવા માટે

(ઘ) યોજનાના અમલ માટે સુનિયંત્રણ માટે સોફ્ટવેર/વેબસાઇટ વિકસાવવા માટે

(ચ) યોજનાની જાગૃતિ માટે વર્કશોપ, સેમિનાર, સાહિત્યનું પ્રકાશન વગેરે માટે

આ તમામ ખર્ચ અથવા NPPના અમલ માટે અન્ય કોઈ આનુસંગિક ખર્ચ SIPDA યોજના વાર્ષિક અંદાજપત્રના 2% પ્રમાણેના વહીવટીખર્ચમાંથી મેળવવાનું રહેશે.

**21. અન્ય શરતો**

**(ક)** અમલ કરતી સંસ્થા એટલે કે તાલીમ ઉપલબ્ધ કરનાર સંસ્થા યોજનાની સહાયક ગ્રાન્ટની શરતોથી બંધાયેલ છે.

**(ખ)** અમલ કરતી સંસ્થા એક વેબસાઇટ નિભાવશે અને અગ્રસ્થાને તેમને મળેલ સહાયક ગ્રાન્ટ, તેનો હેતુ, તેમના દ્વારા કરેલ પ્રવૃત્તિઓ, લાભાર્થીઓની યાદી અને તેમને આપવામાં આવેલ નોકરીની વિગતો જાહેર કરશે.

(ગ) જુદા જુદા વ્યવસાય / job roles માટેનાં ખર્ચનાં ધારાધોરણો વખતોવખત સુધાર્યા પ્રમાણેનાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના તા. 15 જુલાઈ 2015 અને તા. 20-5-2016ના જાહેરનામા ક્રમાંક H-22011/2/2014 – SDE – 1 ની અનુસૂચિ IIમાં સૂચિત કરવામાં આવેલ ખર્ચના પ્રકાર પ્રમાણે રહેશે.

(ઘ) તાલીમી ભાગીદાર તરીકે પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ, નીતિ આયોગના તા. 10મી સપ્ટેમ્બર 2015ની વખતોવખત સુધાર્યા અનુસારની OM નં.M-11/16(2)/2015-VACમાં જાહેર કરેલી કેન્દ્રીય ક્ષેત્રની યોજનાઓના અમલ માટેની સામાન્ય માર્ગદર્શિકાનું પાલન કરશે.

(ચ) અમલ કરતી સંસ્થા પ્રાયોજના માટે અલગ બેન્ક ખાતું નિભાવશે.

(છ) અમલ કરતી સંસ્થા પ્રાયોજના સામાન્ય નાણાકીય નિયમોની જોગવાઈ અનુસાર જુદાં ખાતાં / રેકર્ડ નિભાવશે.

(જ) અમલ કરતી સંસ્થા પ્રાયોજના માટેના હિસાબોનું પત્રક, જેમાં અન્ય બાબતોની સાથેસાથે (ક) પ્રાપ્તિ અને ચુકવણીનું પત્રક (ખ) આવક અને ખર્ચનું પત્રક (ગ) સરવૈયું અને (ઘ) આઇટમ મુજબ ખર્ચની તુલનાત્મક વિગતો સાથેનું પત્રક રજૂ કરશે.

(ઝ) તાલીમાર્થીઓની વિગતો દિવ્યાંગતા પ્રમાણપત્ર / UDID કાર્ડ જે ઓળખ માટે લાગુ પડતું હોય તેની સાથે જોડશે.

## 22. અન્ય કૌશલ્ય વિકાસ યોજનાઓ સાથે તાલમેલ (convergence)

કૌશલ્ય વિકાસના અંશનો અન્ય મંત્રાલયો / વિભાગો જેમકે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય વગેરેની કૌશલ્ય વિકાસ યોજનાઓ સાથે તાલમેલ હોવો જોઈએ અને કૌશલ્યવિકાસનાં સામાન્ય ધારાધોરણોનું તે પાલન કરશે. જો કૌશલ્યવિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય તમામ

કૌશલ્ય વિકાસ યોજનાઓ માટે નાણાભંડોળ આપવાનું વિચારે તો SIPDAની યોજનાનો આ અંશ બંધ કરાશે. વિભાગ ERNET INDIA માટે સ્થાપયેલાં કેન્દ્રોનો ઉપયોગ કૌશલ્ય વિકાસની વીજાણુ અને માહિતી પ્રૌદ્યોગિકી તાલીમ વિભાગ માટે કરશે. દીનદયાળ ડિસેબલ્ડ રિ-હેબીલીટેશન યોજના (DDRC) નામે આ વિભાગ દ્વારા નાણાભંડોળ ઉપલબધ કરાતાં કૌશલ્ય વિકાસના અંશને, SIPDA અંતર્ગત કૌશલ્ય વિકાસ કાર્યક્રમ શરૂ થતાંની સાથે જ, બંધ કરાશે.

**23. સમીક્ષા અને સુનિયંત્રણ**

માર્ગદર્શિકાના અમલની પ્રગતિની સમીક્ષા યોજનાના ફકરા 6.16માં નિર્દિષ્ટ કરેલી પસંદગી સમિતિ કરશે. કાર્યક્રમના અસરકારક સુનિયંત્રણ અને MIS આધારિત સુનિયંત્રણ વ્યવસ્થા અમલમાં મુકાશે.

**24. યોજનાનું કાર્યક્ષેત્ર**

આ માર્ગદર્શિકાનું કાર્યક્ષેત્ર દિવ્યાંગજનોને કૌશલ્યની તાલીમ આપવા માટે તાલીમી ભાગીદારોને નિયત ધોરણે નાણાકીય સહયોગ ઉપલબ્ધ કરવા પૂરતું છે. આ યોજનામાં તાલીમાર્થીઓના રોજગારીના અંશને આવરી લેવામાં આવેલ નથી તેમજ તેની તાલીમ પૂરી થયા બાદ તાલીમ પ્રાપ્ત કરનાર માટે કયાંય પણ નોકરી મેળવી આપવામાં સહાય કરવાની જોગવાઈ નથી.

**25. ખોટી માહિતી રજૂ કરવી**

કોઈ તાલીમાર્થી અગર તાલીમી ભાગીદાર સંસ્થા, કોઈ ખોટી માહિતી દસ્તાવેજ રજૂ કરશે અને તે ખોટું હોવાનું પૂરવાર થશે તો તેને તમામ લાભોથી બાકાત કરવામાં આવશે અને તેમની ઉપર કરવામાં આવેલ ખર્ચની 15% ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વસૂલાત કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. આવા તાલીમાર્થી કે તાલીમી સંસ્થાને ભવિષ્ય માટે બ્લેકલીસ્ટની યાદીમાં

મૂકવામાં આવશે અને તેમની સામે યોગ્ય તે કાનૂની પગલાં પણ લઈ શકાશે.

**26. વિવાદ**

માર્ગદર્શિકામાંથી ઉપસ્થિત થતા કોઈપણ વિવાદ દેશના રાષ્ટ્રીય પાટનગર દિલ્હીની અદાલતની હકૂમતના કાર્યક્ષેત્રને આધીન રહેશે

**27. માર્ગદર્શિકાની જોગવાઈઓમાં ફેરફાર**

આ માર્ગદર્શિકાની જોગવાઈઓમાં કોઈપણ સમયે ભારત સરકારના દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગ દ્વારા તેમની વિવેકબુદ્ધિ અનુસાર ફેરફાર કરી શકાશે.

**28. માર્ગદર્શિકાની સમીક્ષા**

દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેનો વિભાગ પોતાની મનુસફી મુજબ જ્યારે જરૂર જણાય ત્યારે આ માર્ગદર્શિકાની સમીક્ષા કરી શકશે.

બિડાણ I

# દિવ્યાંગજનની કૌશલ્ય તાલીમ માટે તાલીમ ભાગીદારની પેનલમાં સમાવેશ માટેની અરજી

**ANNEXURE-I**

## APPLICATION FOR EMPANELLMENT AS TRAINING PARTNERS FOR SKILL TRAINING OF PERSONS WITH DISABILITIES

### I. Organizational Details

| | |
|---|---|
| Name of Organization / Institution: | |
| Registered Office / Head Office Address: | |
| Phone: | |
| Fax: | |
| Website: | |
| Name of Authorized Representative / Project Director: | |
| Designation | |
| Mobile: | |
| Email: | |

### II. Details of legal constitution of the organization:

| | |
|---|---|
| Status/Constitution of the firm: | |
| Registration Number: | |
| Date of Registration (Date): | |
| Place of Registration: | |
| PAN: | |

| | |
|---|---|
| TAN: | |
| Unique ID ofNGO-PS portal ofNITI Ayog *(in case of NGOs)* | |

[Please see **Annexure II** for supporting documents to be provided]

**III. Brief History of the Organization and current nature of Business or activity.**

| |
|---|
| |

**IV. Prior Experience of training and placement activity of the organization.**

| |
|---|
| |

**V. Annual Turnover of the organization for the last three years:**

| Financial Year | Turnover (in Lakhs) | Net Worth (in Lakhs) |
|---|---|---|
| | | |

[Please see Annexure II for supporting documents to be provided]

**VI. Manpower:**

a) Please provide brief details of the existing management team for skill and placement work in your organization [education, experience and key achievements of management team members.]

| S. No. | Name | Educational background | Experience in skill training | Other achievements |
|---|---|---|---|---|
| | | | | |

b) Please provide details of the core staff for training and placement activities in the organization in the following format.

| Key Role | Name | Years of Experience | Number of years with the organ-ization | Qualifi-cation | Key achievemnt in the present position |
|---|---|---|---|---|---|
| Community Mobilization Specialist | 1<br>2<br>3 and so on | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Placement Specialist | | | | | |
| Quality Monitoring Specialist | | | | | |
| MIS Specialist | | | | | |
| Logistics Specialist | | | | | |
| Trade wise Trainers | | | | | |
| Soft Skills Trainers | | | | | |
| IT Literacy Trainers | | | | | |

[Please see Annexure II for supporting documents to be provided]

**VII. Overall Training Capacity [Provide details last three finanial years]**

| Number training centres | Total Number of persons trained | No. of PwDs trained | Intake Capacity | Number of practical Labs | Trades in which training can be given |
|---|---|---|---|---|---|
| | | | | | |

**VIII. Explain the overall placement experience of the organization in last two financial years**

| Name of Training Centre | Number of persons skilled by the organization in the last two financial years | Number of persons received placement after training in the last two financial years | Name of major employers |
|---|---|---|---|
| | | | |

**IX. Post Placement tracking in place**

a) Briefly explain the tracking mechanism you have in place for already trained and placed youth from the organization.

| |
|---|
| |

b) Do you have an online monitoring mechanism for post placement follow up? If yes, please provide detail and web link.

| |
|---|
| |

I hereby declare that the information provided in this proposal is true to the best of my knowledge. If any information provided above is found to be false, the Department of Empowerment of Persons with Disabilities reserves the right to reject the proposal.

Signature

Name of Signatory: Designation:

Date: Location:

(List of supporting documents are indicated in Annexure-II)

ભિડાણ II

**Annexure II**

| S.NO. | Parameters | Documentary Evidence |
|---|---|---|
| **A. Essential Documents** | | |
| 1 | Legal Constitution of the organization | Certificate of Incorporation / Registration / Licence under Section 25 of the (Indian Compan ies Act) / Trust Deed in case of Trusts. |
| 2 | Fi nancial Turnover | Audited balance sheet, Profit & Loss Account and Receipt & Payment Account duly certified by an Auditor for the last three financial years. |
| 3 | Existing Management Team | Attach CV's ofthe management team |
| 4 | Core training and placement staff | Attach CV's of the core training and placement staff |
| **B. Desirable Documents** | | |
| 5 | Third Party Cert ification | Attach proof of third party certification for all trades |
| 6 | Curriculum and Course Design | Attach proof of certification of the curriculum and activity planners for all proposed trades |
| 7 | Placement Arrangement | MoU with employers/captive placement details/letters from employers on company letterhead not more than three months old . |

# પરિશિષ્ટ II

## સુગમ્ય ભારત અભિયાન

## Accessible India Campaign

1. વિભાગે 'સુગમ્ય ભારત અભિયાન'ને વિભાવનાગત બનાવીને તેને, દિવ્યાંગજનોને સાર્વત્રિક સુગમ્યતા પ્રાપ્ત થાય તે હેતુથી તેને રાષ્ટ્રવ્યાપી અગત્યતા ધરાવતું અભિયાન તરીકે સ્વીકાર્યું છે. જેથી દિવ્યાંગજનોને સમાન તકો સુગમ્ય બને, તેઓ સ્વતંત્રરીતે જીવન જીવી શકે અને સમાવેશક સમાજની અંદર જીવનમાં તમામ પાસાંઓમાં સંપૂર્ણ રીતે ભાગ લઈ શકે. આ અભિયાન બાંધકામ કરેલ માળખાંઓ, વાહનવ્યવહાર વ્યવસ્થા તેમજ માહિતી અને પ્રત્યાયન પર્યાવરણીય વ્યવસ્થામાં સુગમ્યતાને આગળ ધપાવવાનું ધ્યેય છે.

2. ભારતે સંયુક્ત રાષ્ટ્રના દિવ્યાંગજનના અધિકારો સંબંધિત કરાર(UNCRPD)માં સહી કરેલ છે. UNCRPDની કલમ ૭ તમામ સહી કરનાર ભાગીદાર રાષ્ટ્રોય ઉપર દિવ્યાંગજનોને અન્યોની સાથે સમાન ધોરણે ભૌતિક વાતાવરણમાં, વાહન વ્યવહારમાં, માહિતી અને પ્રત્યાયનમાં, માહિતી અને સંવાદ પ્રૌદ્યોગિકીમાં અને વ્યવસ્થામાં સુગમ્યતા પ્રાપ્ત થાય તેવાં યોગ્ય પગલાં લેવા માટેની જવાબદારી લાદે છે. તેમજ જાહેર જનતા માટે ખુલ્લા હોય તેવી ગ્રામીણ અને શહેરી વિસ્તારોની સેવાઓ અને સુવિધાઓ તેમને સુગમ્ય બને તેવી વ્યવસ્થા કરવાનું સૂચવે છે. આ પગલાંઓ, જેમાં સુગમ્યતાની આડે આવતા અવરોધો અને અડચણોને ઓળખીને દૂર કરવાનું સમાવિષ્ટ છે; અને તે અન્યોની સાથે નીચેનાને પણ લાગુ પડે છે :

   **(ક)** મકાનો, માર્ગો, વાહનવ્યવહાર અને આંતરિક અને બાહ્ય સુવિધાઓ જેમાં, શાળાઓ, આવાસો, તબીબી સુવિધાઓ અને કામનાં સ્થળો સમાવિષ્ટ છે.

(ખ) માહિતી, પ્રત્યાયન અને અન્ય સુવિધાઓ જેમાં વીજાણુ સેવાઓ અને કટોકટીની સેવાઓ સમાવિષ્ટ છે.

3. આ કરાર આદેશ ફરમાવે છે કે તમામ રાષ્ટ્રો નીચેની બાબતે યોગ્ય તે પત્રમાં ભરશે.

(ક) જાહેર જનતાને માટે ઉપલબ્ધ સગવડો અને સુવિધાઓને સુગમ્યતા માટે ન્યૂનતમ ધોરણો અને માર્ગદર્શિકા વિકસાવવામાં, તેનો પ્રસાર કરવો અને તેનું સુનિયંત્રણ કરવું.

(ખ) ખાનગી વ્યક્તિઓ જાહેર જનતા માટે જે સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ કરે તેઓ દિવ્યાંગજનોની સુગમ્યતાનાં તમામ પાસાંઓને ધ્યાનમાં લે તે સુનિશ્ચિત કરવું.

(ગ) દિવ્યાંગજનો સુગમ્યતા વિષયક જે સમસ્યાઓને સામનો કરી રહેલ છે તે અંગે હિતધારકોને તાલીમ આપવી.

(ઘ) જાહેર જનતા માટે ખુલ્લાં હોય તે મકાનો અને સુવિધાઓમાં બ્રેઇલ લિપિમાં પણ સુચનાઓ હોય જે વાંચવા અને સમજવવામાં સરળ હોય તે સુનિશ્ચિત કરવું.

(ચ) જાહેર જનતા માટે ખુલ્લાં હોય તે મકાનોમાં માર્ગદર્શિકા, ઇશારાની ભાષાનું અર્થઘટન કરતા વ્યાવસાયિકોની સેવાઓ ઉપલબ્ધ કરવી તેમજ તેવાં મકાનોમાં સુગમ્યતાની સુવિધાઓ ઉપલબ્ધ કરવી.

(છ) દિવ્યાંગજનોને માહિતી સુગમ્ય બને તે માટે યોગ્ય તે સ્વરૂપમાં સહાય અને સમર્થન ઉપલબ્ધ કરવાં.

(જ) દિવ્યાંગજનોને નવી માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકી અને વ્યવસ્થા માટેની ઇન્ટરનેટ સહિતની સુગમ્ય સુવિધાને પ્રોત્સાહન આપવું.

4. કોરિયાની પ્રજાસત્તાક સરકારે યોજેલી આંતર-સરકારની ઉચ્ચ કક્ષાની બેઠકમાં મિનિસ્ટરીઅલ ઠરાવ અને "**અધિકારો વાસ્તવિક બનાવો**", રણનીતિનો એશિયા અને પેસિફિક દેશોમાં દિવ્યાંગજનો માટે સ્વીકાર કર્યો. આ રણનીતિ એશિયાના અને પેસિફિક પ્રદેશોમાં તેમજ વિશ્વભરમાં સૌ પ્રથમવાર પ્રાદેશિક ધોરણે સ્વીકાર્ય એવા વિશિષ્ટ સમાવેશક વિકાસ લક્ષ્યો ઉપલબ્ધ કરે છે. આ રણનીતિમાં 10 ધ્યેય છે; 27 લક્ષ્યો છે, 62 દર્શકો છે જે તમામ UNCRRD પર આધારિત છે, આ રણનીતિનું ધ્યેયનં. 3 છે. ભૌતિક પર્યાવરણ, જાહેર વાહનવ્યવહાર વ્યવસ્થા, જ્ઞાન, માહિતી અને પ્રત્યાયન દિવ્યાંગજન માટે સમાવેશક સમાજમાં તેમના અધિકારની પ્રાપ્તિ માટેની પૂર્વશરત છે. વૈશ્વિક ડિઝાઇન પર આધારિત સુગમ્યતા ગ્રામીણ, શહેરી અને દૂર-દૂરના વિસ્તારોમાં સલામતી વધારે છે અને માત્ર દિવ્યાંગજનોને જ નહિ સમાજના તમામ વર્ગોના લોકો માટે વાપરવામાં સરળ છે.

5. દિવ્યાંગજનના અધિકાર માટેની અધિનિયમ, 2016ની કલમ 40 સરકારને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં જાહેર જનતા માટેના ભૌતિક પર્યાવરણ, વાહનવ્યવહાર, માહિતી અને પ્રત્યાયન, અનુરૂપ ટેકનોલોજી અને વ્યવસ્થાપન તથા અન્ય સુવિધાઓ અને સેવાઓમાં સુગમ્યતાનાં ધોરણો નક્કી કરવાની સત્તા આપે છે. અધિનિયમની કલમ 41 અને 42 અનુક્રમે વાહનવ્યવહાર અને માહિતી-પ્રત્યાયન ટેકનોલોજીમાં સુગમ્યતા ઉપલબ્ધ કરી આપે છે. કલમ 43 વૈશ્વિક રીતે ડિઝાઇન કરેલ વપરાશનાં સાધનોનો વિકાસ, ઉત્પાદન અને વિતરણને દિવ્યાંગજનના સામાન્ય ઉપયોગ માટેના ઉપાયો પ્રયોજવા સુચવે છે. કલમ 44 મકાનોમાં આદેશાત્મક રીતે સુગમ્યતાનાં ધોરણો સુચવે છે કલમ 45 હાલનાં માળખાંઓ અને સ્થાનોને સુગમ્ય બનાવવા ટેની સમયમર્યાદા સુચવે છે. કલમ 46 સેવા ઉપલબ્ધ કરનારાઓ માટે સુગમ્યતાની સમયમર્યાદા સુચવે છે.

6. **બાંધકામની પર્યાવરણની સુગમ્યતા**

(ક) જો બાંધકામ પર્યાવરણ સુગમ્ય હોય તો તેનો ફાયદો માત્ર દિવ્યાંગજનને નહિ, તમામને થાય છે. શાખો, હોસ્પિટલો, કામનાં સ્થાનોએ અંદરની અને બહારની સુવિધાઓનાં રહેલ અવરોધો અને અડચણો દૂર કરવા પગલાં લેવાનાં રહે છે. આમાં માત્ર મકાનો નહિ, ફૂટપાથ, Curb-cuts, પગપાળા યાત્રિકોને અવરોધ અડચણોને સમાવેશ થાય છે.

(ખ) સરકારી મકાનને સુગમ્ય તો જ કહેવાય જેમાં દિવ્યાંગજનને તેમાં પ્રવેશ અને અંદરની તમામ સુવિધાઓનો ઉપયોગ કરવામાં કોઈ અડચણ ન આવે. તેમાં સેવાઓ, પગથિયાં અને ઢોળાવ, ગેલેરી, પ્રદેશ દ્વારા, કટોકટીના સમયે બહાર નીકળવાના માર્ગ, પાર્કિંગ, બત્તી, સૂચનાની નિશાનીઓ એલાર્મ વ્યવસ્થા અને શૌચાલનો પણ સમાવેશ થાય છે.

(ગ) મકાનો સુગમ્ય છે કે કેમ તે ઓળખવા માટે વાર્ષિક સુગમ્યતા ઓડિટની વ્યવસ્થા જરૂરી છે; જેથી નક્કી કરી શકાય કે તે ધોરણો અનુસાર છે કે કેમ જે મકાન સંપૂર્ણપણે સુગમ્ય હોય તો પછી વાર્ષિક ઓડિટ જરૂરી નથી, પરંતુ જો તેમાં કોઈ ફેરફાર કે વ્યવસ્થા – પરિવર્તન કરવું હોય તો ઓડિટ જરૂરી છે, પછી સંપૂર્ણ ઓડિટ કવચિત કરી શકાય.

(ઘ) સુગમ્યતાનાં ધોરણે શક્ય હોય ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય ધોરણે જેમકે ISO ને સુસંગત હોવાં જોઈએ અને તેમાં સ્થાનિક સંદર્ભ ધ્યાને લેવા જોઈએ. બાંધકામ માટે ISO 21542-2011-બાંધકામ-બાંધકામ કરેલ પર્યાવરણ માટે સુગમ્યતા અને વપરાશમાં તમામ આવશ્યકતાએ સૂચિત કરાઈ છે. તેમજ બાંધકામ, એસેમ્બલી, ફિટિંગ્સ વગેરે સંબંધિત ભલામણો છે.

**7. વાહનવ્યવહાર વ્યવસ્થામાં સુગમ્યતા**

(ક) વાહનવ્યવહાર એ સ્વતંત્ર જીવન માટે મહત્વનું પરિબળ છે અને સમાજમાં અન્યોની જેમ દિવ્યાંગજનો પણ એક સ્થાનથી બીજા સ્થાને અવરજવર કરવા માટે વાહનવ્યવહારનો ઉપયોગ કરે છે. વાહનવ્યવસ્થામાં હવાઈ મુસાફરી, બસ, ટેક્સી અને ટ્રેનનો સમાવેશ થાય છે.

(ખ) એરપોર્ટને તો જ સુગમ્ય કહેવાય જો દિવ્યાંગ વ્યક્તિને તેમાં પ્રવેશ કરવામાં કોઈ અડચણ ન નડે, તે તેની તમામ સુવિધાઓનો ઉપયોગ કરી શકે અને પ્લેનમાં બેસી કે ઉતરી શકે. આમાં સપાટી, પગથિયાં, ઢોળાવ, પરસાળ, પ્રવેશમાર્ગ, કટોકટીના પ્રસંગે બહાર જવાનો માર્ગ, પાર્કિંગ તેમજ આંતરિક અને બાહ્ય સુવિધાઓ જેવી કે બત્તી, નિશાનીઓ, એલાર્મ વ્યવસ્થા અને શૌચાલયનો સમાવેશ થાય છે.

(ગ) રેલવે સ્ટેશનોની સુગમ્યતામાં વધારો કરવો.

(ઘ) જાહેર વાહનવ્યવસ્થાની સુગમ્યતામાં વધારો કરવો.

**8. માહિતી અને પ્રત્યાયન, પર્યાવરણ વ્યવસ્થામાં સુગમ્યતા**

(ક) માહિતીની સુગમ્યતા એટલે તમામ પ્રકારની માહિતીની સુગમ્યતા. લોકો પોતાના રોજ-બ-રોજના જીવનમાં વિવિધ પ્રકારના નિર્ણયો લેવા માટે માહિતીનો ઉપયોગ કરતા હોય છે. કિંમતની કાપલી વાંચવાની ક્ષમતાથી માંડી, ખંડમાં સરળતાથી પ્રવેશ કરવો, કોઈ કાર્યક્રમમાં ભાગ લેવો, આરોગ્ય સંભાળ, સંબંધિત ચોપાનિયું વાંચીને માહિતી મેળવવી, રેલવેના સમયપત્રકને સમજવું કે વેબપેઇજ જોવાં જેવી અનેકવિધ બાબતોને તે આવરી લે છે. માળખાં અને સુગમ્ય નહિ તેવા નમૂના હવે રોજબરોજના જીવનમાં માહિતીના ઉપયોગની આડે આવી શકે તેમ નથી.

(ખ) સુગમ્ય અને ઉપયોગી જાહેર દસ્તાવેજો અને આંતરરાષ્ટ્રીય રીતે સ્વીકૃત સુગમ્યતાનાં ધોરણો ધરાવતી વેબસાઇટ વગેરેનું પ્રમાણ વિસ્તારવું.

(ગ) ઇશારાની ભાષા સમજતા અને અર્થઘટન કરતા લોકોનું વિસ્તૃતીકરણ

(ઘ) જાહેર ટી.વી. સમાચાર કાર્યક્રમોના રોજબરોજના મથાળા અને ઇશારાની ભાષા અર્થઘટનોનો વિસ્તાર કરવો.

9. સુગમ્યતા એટલે સૌને સમાન સુગમ્ય વાતાવરણ ઉપલબ્ધ કરવું. સમુદાયમાં જે સગવડો અને સુવિધાઓ છે તેને સુગમ્ય બનાવ્યા સિવાય દિવ્યાંજગનો ક્યારેય પણ સમાવિષ્ટ થઈ શકશે નહિ. સુગમ્ય ભારત અભિયાન તમામ કેન્દ્ર સરકારના વિભાગો / મંત્રાલયો અને રાજ્ય, સરકારોનો સહયોગ 'સુગમ્ય પોલીસ સ્ટેશન', 'સુગમ્ય હોસ્પિટલો' અને 'સુગમ્ય પ્રવાસ' તેમજ 'સુગમ્ય ડિજિટલ ભારત' માટે ઇચ્છે છે.

10. સુગમ્ય ઓડિટ માટેનાં ખર્ચનાં ધારાધોરણો વિભાગ નક્કી કરશે.

11. સરકારી વેબસાઇટના સુગમ્ય ઓડિટ માટે વિભાગ NICની મદદ મેળવશે.

12. તમામ પંચાયત ભવનો દિવ્યાંગજનો માટે મૈત્રીપૂર્ણ બનવાં જોઈએ. તેમજ સાધનો અને સહાયક ઉપકરણો માટે પંચાયતના બજેટમાંથી રકમ ફાળવવી જોઈએ.

13. AICમાંથી ઉપલબ્ધ નાણાભંડોળ નીચેની પ્રવૃત્તિઓ માટે વાપરી શકાશે:

(i) યોજના નીચેની માહિતી પ્રક્રિયાગત કરવા માટે મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ (MIS)ની સ્થાપના કરવા માટે

shall be deemed to have been served and received by the addressee within the time they should have been delivered/received at the addressee's end.

Any change of address will not be valid unless acknowledged by the other party.

IN WITNESS WHEREOF, the representatives of the Parties to this Agreement being duly authorized have hereunto set their hands and have executed those present this __________ day of _______________

| | |
|---|---|
| For and on behalf of President of India (The Government) | FOR THE CONSU LTANT |
| Signed by _________________ | Signed by _________________ |
| Designation _________________ | Designation _________________ |
| In present of _________________ | In present of _________________ |

# પરિશિષ્ટ V

## કેન્દ્ર અને રાજ્ય સરકારો તથા સ્થાનિક સંસ્થાએ અને અન્ય સેવા ઉપલબ્ધ કરનારાઓના મુખ્ય કાર્યવાહકોને નોકરી દરમિયાનની તાલીમ (In Service Training) અને સંવેદનશીલતાની તાલીમ માટેની યોજના

**1. પરિચય**

1.1 અહીં કેન્દ્ર અને રાજ્યસરકારો, સ્થાનિક સત્તાતંત્રો અને અન્ય સેવા-ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકો માટે નોકરી દરમિયાન (ઇન સર્વિસ) તાલીમ અને સંવેદનશીલતા માટેની તાલીમ માટેની સૂચિત કેન્દ્રીય ક્ષેત્રની યોજનાનો પરિચય આપવાનો ઉપક્રમ છે. વિભાગની XIVમી પંચવર્ષીય યોજનામાં આ યોજના માટે રૂપિયા 20 કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

1.2. વર્ષ 2011ની વસતિ ગણતરી અનુસાર દેશમાં દૃષ્ટિની, શ્રવણશક્તિની, વાચાની, શારીરિક હલનચલનની અને માનસિક પ્રકારની અક્ષમતા સહિતની દિવ્યાંગતા ધરાવતા લોકોની સંખ્યા 2.68 કરોડ લોકોની છે.

**2. દિવ્યાંગજનોના અધિકારો માટેનો અધિનિયમ, 2016**

2.1 દેશમાં દિવ્યાંગતાની સમસ્યાઓ સંબંધિત આ એક મુખ્ય કાનૂન છે.

2.2 દિવ્યાંગજનોના અધિકારો માટેનો અધિનિયમ, 2016, તારીખ 17મી એપ્રિલ, 2016થી અમલમાં આવેલ છે અને તે અધિનિયમ દિવ્યાંગજનોના અધિકારો અને સશક્તિકરણ અંગેનો પાયાનો અધિનિયમ છે.

2.3 દિવ્યાંગજનોના અધિકારો માટેનો અધિનિયમ, 2016 અનુસાર 'દિવ્યાંગજન' એટલે એવી વ્યક્તિ જે લાંબા ગાળાની શારીરિક, માનસિક, બૌદ્ધિક કે ઇંદ્રિયજન્ય અક્ષમતા ધરાવે છે અને કોઈ પ્રકારના અવરોધને કારણે, અન્ય લોકોની માફક સમાજમાં સંપૂર્ણરીતે અને અસરકારક રીતે ભાગીદાર બનવામાં અડચણ અનુભવે છે. તેમાં દિવ્યાંગજનની એવી વ્યાખ્યા આપવામાં આવી છે કે જેમને તબીબી સત્તાતંત્ર દ્વારા ન્યૂનતમ 40%

દિવ્યાગંતા ધરાવવા સંબંધિત પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય, આ અધિનિયમ દિવ્યાંગજનોના શિક્ષણ, પુનઃસ્થાપન, રોજગારી, બિન-ભેદભાવ અને સામાજિક સલામતી માટેની જોગવાઈ ધરાવે છે.

**રાષ્ટ્રીય નીતિ-નિવેદન**

રાષ્ટ્રીય નીતિમાં એમ સ્વીકારવામાં આવ્યું છે કે દિવ્યાંગજનો દેશ માટે મૂલ્યવાન માનવ સંસાધન છે અને તેમાં તેમને માટે સમાન અધિકાર, તેમના અધિકારોની જાળવણી અને તેમની સમાજમાં સંપૂર્ણ ભાગિદારિતા માટે જોગવાઈ કરવામાં આવી છે. આ નીતિનું એક મુખ્ય કેન્દ્રબિંદુ માનવ સંસાધન વિકાસ છે.

**માનવ સંસાધન વિકાસ**

રાષ્ટ્રીય નીતિ-નિવેદન અનુસાર નીચેનાં ક્ષેત્રોમાં માનવ સંસાધનનો વિકાસ કરવામાં આવશેઃ

(1) આરોગ્ય સંભાળ અને સામુદાયિક વિકાસ જેમાં આંગણવાડી કાર્યકરો, ઓક્ઝીલીઅરી નર્સ (મિડવાઇફ) વગેરેનો સમાવેશ થાય છે તેવા પ્રાથમિક કક્ષાના કાર્યકરોની તાલીમ

   (i) આવી સેવાઓ આપતી સરકારી અને બિનસરકારી સંગઠનોના કર્મચારીઓની તાલીમ અને અભિમુખતા માટે સહયોગ

   (ii) સમુદાયના નીતિ-નિર્ધારકો જેવા કે પંચાયતના સભ્યો, પરિવારના વડાઓ વગેરે માટે તાલીમ અને સંવેદનશીલતા વિકાસ

   (iii) દિવ્યાંગજનોની સારસંભાળ લેનારાઓ તરીકે કુટુંબના સભ્યોની તાલીમ અને અભિમુખતા

દિવ્યાંગ બાળકોના શિક્ષણની જરૂરિયાતો સમાવેશ શિક્ષણ, વિશિષ્ટ શિક્ષણ, ગૃહલક્ષી શિક્ષણ, શાળા-પહેલાંનું શિક્ષણ વગેરે અંતર્ગત પૂરી કરવાના હેતુથી માનવસંસાધનને તાલીમ આપવામાં આવશે. આ માટે

નીચેના જુદા જુદા વિશિષ્ટતા અને વિવિધ કક્ષાના તાલીમ કાર્યક્રમો વિકસાવશેઃ

1. સમાવેશક શિક્ષણ માટે શિક્ષકોની તાલીમનું મોડ્યુલ
2. વિશિષ્ટ શિક્ષણમાં ડિપ્લોમા, ડિગ્રી અને ઉચ્ચ કક્ષાના કાર્યક્રમો
3. દિવ્યાંગજનો અને વયસ્ક વ્યક્તિઓના ગૃહલક્ષી શિક્ષણ અને સંભાળ સેવાઓ માટે સારસંભાળ લેનારાઓની તાલીમ

**3. કેન્દ્ર અને રાજ્ય સરકારો, સ્થાનિક સત્તાતંત્રો અને અન્ય સેવા-ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકોને માટે ઇન-સર્વિસ તાલીમ અને સંવેદનશીલતા તાલીમ માટેની યોજનાની જરૂરિયાત**

**(i)** XIVમી પંચવર્ષીય યોજના માટે દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે વિતરણ પ્રક્રિયાઓ અને પ્રયુક્તિ સંબંધિત કાર્યજૂથે જોયું કે વિવિધ હિતધારકોમાં અપૂરતી જાગૃતિ અને અપૂરતી સંવેદનશીલતા છે તે એક સૌથી મોટો પડકાર છે. તેના અહેવાલમાં અન્ય બાબતોની સાથે સાથે જે એક બાબતનો સમાવેશ કરાયો છે તે છે દિવ્યાંગજનોનું સશક્તિકરણ પ્રાપ્ત કરવા માટે અને ખાસ કરીને ઉપરની યોજનાનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સરકારી ક્ષેત્ર અને અન્ય સેવા ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકો માટે તાલીમ અને સંવેદનશીલતા. તેમનાં નિરીક્ષણો નીચે પ્રમાણે છે :

‘‘પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને / સામુદાયિક આરોગ્ય કેન્દ્રોના અને જિલ્લા સરકારી હોસ્પિટલોના તબીબી અધિકારીઓને, પુનઃસ્થાપન વ્યાવસાયિકોને તેમજ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારોના અને અન્ય સેવા ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકોને નિયમિત ધોરણે દિવ્યાંગતા સંબંધિત સમસ્યાઓ વિશે રાજ્ય / જિલ્લા / તાલુકા કક્ષાની કાર્યશાળાઓ મારફતે તાલીમ આપીને તેમની સંવેદનશીલતા પ્રગટાવવાની તાતી જરૂરિયાત છે.’’

(ii) દિવ્યાંગજનોના અધિકારો અને હકકો સંબંધે જાગૃતિ કેળવવા માટે, જુદી જુદી યોજનાઓની જોગવાઈઓ, વિકાસ કાર્યક્રમો, તેમના ખાસ હકકો મેળવવાની રીતો અને કાર્યપદ્ધતિ તેમજ તેઓ સમાન નાગરિક તરીકે હકક ધરાવે છે તેની જાગૃતિ કેળવવા માટે ઇન-સર્વિસ તાલીમ જરૂરી છે. સરકારના કાર્યક્રમો અને યોજનાઓનો અમલ કરવા માટે જવાબદાર મુખ્ય કાર્યવાહકો માટે જાગૃતિ જરૂરી છે. વિવિધ કક્ષાઓ પૈકીનું એક લક્ષ્ય છે. જે લોકો યોજનાઓ અને કાર્યક્રમો અને સેવા વિતરણ સાથે સંકળાયેલા છે તેવા મુખ્ય સરકારી કાર્યવાહકોની સંવેદનશીલતા અને જાગૃતિની કક્ષામાં ઉમેરો કરવો અને તેમનામાં ક્ષમતાનું નિર્માણ કરવું. રાજ્ય / જિલ્લા / તાલુકા કક્ષાએ નિયમિત ધોરણે તાલીમ કાર્યક્રમો યોજવા દ્વારા આ લક્ષ્ય પ્રાપ્ત કરવાનું વિચાર્યું છે.

**(iii) UNCRPDમાંથી ઉદ્દભવતી જવાબદારી**

ભારતે UNCRPD કરારમાં સહી કરી છે. આ રીતે સહી કરનાર તમામ રાષ્ટ્રો માટે કેટલીક જવાબદારીઓ ઉપસ્થિત થાય છે. UNCRPDની કલમ 4 માં એક જોગવાઈ એવી છે કે –

*“તમામ દિવ્યાંગજનો દિવ્યાંગતાના આધાર પર કોઈપણ જાતના ભેદભાવ વિના તેમના તમામ માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓની સંપૂર્ણ પ્રાપ્તિ કરે તે સુનિશ્ચિત કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટે તમામ પક્ષકાર રાષ્ટ્રો ખાતરી આપે છે, આ હેતુ માટે ભાગીદાર રાષ્ટ્રો ખાતરી આપે છે કેઃ*

*આ કરારની અંદર સ્વીકૃત કરાયેલા અધિકારો માટે દિવ્યાંગજનો સાથે કાર્ય કરતા વ્યાવસાયિકો અને કર્મચારીઓની તાલીમને પ્રોત્સાહન આપવું; જેથી આ અધિકારોમાં ખાતરી આપવામાં આવી છે તે સહાય અને સેવાઓ બહેતર રીતે ઉપલબ્ધ કરી શકાય.”*

(iv) નીતિ નિર્ધારણ માટે જવાબદાર તેમજ સંચાલન કક્ષાએ કામ કરતા મુખ્ય કાર્યવાહકો છેલ્લામાં છેલ્લી ઘટનાઓથી જાણકાર થાય અને તમામને સમાન અધિકાર, સામાજિક અને આર્થિક ન્યાય અને સશક્તિકરણ ઉપલબ્ધ કરી શકે તે માટે તેમને તાલીમ આપવી તે સમયનો તકાદો છે. આ યોજના દિવ્યાંગતા ક્ષેત્રે કાર્યરત કેન્દ્ર / રાજ્ય સરકારો/સ્થાનિક સત્તાતંત્રો અને અન્ય સેવા ઉપબ્ધકારોના મુખ્ય કાર્યવાહકોની વ્યાવસાયિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, ખાસ તેમને માટે જ ઘડી કાઢવામાં આવી છે.

(v) વ્યક્તિ અને સંસ્થા બંનેની સફળતા માટે, વ્યક્તિ જ્યારે કોઈપણ સંસ્થામાં કાર્યભાર સંભાળે ત્યારે અને ત્યારપછી નિયમિત સમયાંતરે કર્મચારીને છેલ્લાંમાં છેલ્લી માહિતીથી જાણકાર બનાવવા માટે તાલીમ આપવી એ પાયાની બાબત છે. દિવ્યાંગોનું પુનઃસ્થાપન એ નવી બાબત છે અને હવે વિકાસના એક મુદ્દા તરીકે તેને સ્વીકૃતિ આપી છે ત્યારે અને દિવ્યાંગજનો એક માનવસંસાધન છે તેથી તેમના પુનઃસ્થાપન સેવાઓનું કેન્દ્રબિંદુ દયાભાવ / કલ્યાણમાંથી બદલાઈને અધિકાર આધારિત / સશક્તિકરણ બન્યું છે અને બિનસરકારી સંગઠનોને હવે સામાજિક નવસાહસિકો ગણાયા છે ત્યારે દિવ્યાંગતા પુનઃસ્થાપન સાથે સંકળાયેલા કર્મચારીગણને તાલીમ આપવી તે સમયની તાકીદની જરૂરિયાત છે.

(vi) ભૂતકાળમાં DRC/NPRPD જેવી યોજનાએ શરૂ કરાઈ હતી. પરંતુ તે યોજનાઓને ઇચ્છિત સફળતા મળી ન હતી અને તેથી તે કાર્યક્રમો લાંબો સમય સુધી ટકી શક્યા નહિ. આનું એક કારણ કદાચ એ હતું કે કાર્યવાહકોને પરિસ્થિતિની કાર્યપદ્ધતિ સાથે પરિચિત કરાવવામાં નહોતા આવ્યા અને તેમને છેલ્લામાં છેલ્લી માહિતીથી જાણકાર બનાવવા માટેની તાલીમ આપવામાં આવી ન હતી. તેથી,

દિવ્યાંગતાના ક્ષેત્રે કાર્યરત તમામ હિતધારકોને જુદી જુદી કક્ષાએ પરિચય / સંવેદનશીલતા અને તાલીમ આપવાની જરૂરિયાત છે.

(vii) વિભાગ હેઠળનાં સંસ્થાનો જેમને માનવ સંસાધન વિકાસનો આદેશ આપવામાં આવેલ છે તેઓ મુખ્યત્વે વ્યાવસાયિકો ની તાલીમ માટે વધુ પ્રતિબદ્ધ છે અને ક્વચિત ટૂંકાગાળાની તાલીમ કાર્યક્રમોને બાદ કરતાં અન્ય જૂથોને તાલીમથી બાકાત રાખે છે. વળી, તાલીમ સંદર્ભે તેમનામાં સંકલનનો અભાવ છે. તેથી જ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજનો માટેના વિભાગ અંતર્ગત XIVમી પંચવર્ષીય યોજનામાં મુખ્ય કાર્યવાહકો માટેની તાલીમ યોજના વિચારવામાં આવી છે અને તેને માટે રૂપિયા 20 કરોડનું બજેટ અંકિત કરવામાં આવ્યું છે.

**4. કયા ઉદ્દેશ સિદ્ધ કરવાના છે**

(i) યોજનાનો ઉદ્દેશ કેન્દ્ર / રાજ્ય સરકારો / સ્થાનિક સત્તાતંત્રો અને અન્ય સેવા ઉપલબ્દકારોના મુખ્ય કાર્યવાહકોને નિયમિત ધોરણે દિવ્યાંગતા સંબંધિત મુદ્દાઓમાં રાજ્ય / જિલ્લા / તાલુકા કક્ષાએ કાર્યશાળાઓ મારફતે તાલીમ અને સંવેદનશીલતા ઉપલબ્ધ કરવાનો છે. આ કાર્યશાળાઓ મારફતે કાર્યવાહકોમાં દિવ્યાંગજનોની ક્ષમતા બાબતે જાગૃતિ ફેલાવવામાં આવશે અને આપણે સૌ કામના સ્થાને કેવી રીતે સમાવેશક વાતાવરણ પેદા કરી શકી છે તેની તાલીમ આપશે.

(ii) દિવ્યાંગજનોના સશક્તિકરણના હિતને આગળ ધપાવવા માટ મુખ્ય કાર્યવાહકો જાગૃત, કાર્યદક્ષ અને પ્રતિબદ્ધ બને તે સુનિશ્ચિત કરવું.

(iii) દિવ્યાંગજનોના લાભ માટેના અને પુનઃસ્થાપન માટે દિવ્યાંગતા સંબંધિત કાનૂનો, વિકાસ કાર્યક્રમો, યોજનાઓ માટે તેમજ રેફરલ સેવાઓ બાબતે જુદા જુદા હિતધારકો એટલે કે કેન્દ્ર સરકાર, રાજ્ય

સરકારો, સ્થાનિક સત્તાતંત્રો અને અન્ય સેવા ઉપલબ્ધકારોના કાર્યરત કર્મચારીગણમાં જાગૃતિ ફેલાવવી.

(iv) ઇશારાની ભાષા, બ્રેઇલ લિપિ વગેરે અગત્યનાં કૌશલ્યો બાબતે ઇન-સર્વિસ તાલીમ ઉપલબ્ધ કરવી.

(v) દિવ્યાંગતા અટકાવવા, તેની વહેલાસરની ઓળખ કરવા, દરમિયાનગીરી, પુનઃસ્થાપન અને દિવ્યાંગજનોને મુખ્યપ્રવાહમાં ભેળવવા સંબંધે જાગૃતિ કેળવવી.

(vi) સરકારના કાર્યક્રમો અને યોજનાઓના વિતરણની ગુણકક્ષા સંબંધે પ્રતિભાવ પ્રાપ્ત કરવા.

(vii) આ યોજનાની ઉપલબ્ધિરૂપે કૌશલ્યવૃદ્ધિ દ્વારા માનવસંસાધન વિકાસ થશે, જેનાથી કાર્યદક્ષતા, અસરકારકતા અને કરકસર વધશે.

(viii) તાલીમ કાર્યક્રમનો હેતુ દિવ્યાંગતા ક્ષેત્રે સામાજિક અને આર્થિક બાબતોમાં પરિવર્તન સંદર્ભે જે સમસ્યાઓ છે તે પરત્વે અધિકારીઓને નવા અને મહત્વના મુદ્દાઓ અંગે સંવેદનશીલ બનાવવાનો છે યોજનાનો ઉદ્દેશ દિવ્યાંગતા ક્ષેત્રે કાર્યરત કાર્યવાહકોને માંગણી અનુસારની તાલીમ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે અને તે તાલીમ વહીવટી તાલીમ સંસ્થાઓ સાથે ગાઢ સંકલન કરીને યોજવામાં આવનાર છે.

## 5. પ્રાયોજનાનો વ્યાપ

(i) આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને સ્થાનિક સત્તાતંત્રોના (પંચાયતો અને નગરપાલિકાઓના) તેમજ અન્ય સેવા ઉપલબ્ધકારોના દર વર્ષે 10,000 લેખે ત્રણ વર્ષના સમયગાળામાં અંદાજે કુલ 30,000 કાર્યવાહકોને તાલીમ આપવાનો ખ્યાલ છે.

(ii) રાષ્ટ્રીય / રાજ્ય / જિલ્લા / તાલુકા કક્ષાએ ત્રણ દિવસના સેમિનાર / કાર્યશાળાઓ યોજવામાં આવશે.

(iii) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની તાલીમી સંસ્થાઓ મારફતે તાલીમ આપવાની દરખાસ્ત છે.

(iv) તાલીમી મોડ્યુલ/અભ્યાસક્રમ અને વિગતવાર પ્રશિક્ષણની પ્રક્રિયા ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ દ્વારા વિભાગનાં રાષ્ટ્રીય સંસ્થાનોની સાથે પરામર્શનમાં તૈયાર કરાશે.

(v) પ્રત્યેક તાલીમાર્થી દીઠ અંદાજી ખર્ચ રૂ. 6500/- અંદાજવામાં આવેલ છે જોકે આ સુચનાત્મક આંકડો છે. ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલના પરાર્શનમાં કેન્દ્ર અને રાજ્યોમાં જે પ્રવર્તમાન દરો છે તે ધ્યાનમાં રાખીને તાલીમાર્થી દીઠ ખર્ચની રકમ નક્કી કરવામાં આવશે. માન્ય પ્રવૃત્તિઓ માટેની માર્ગદર્શિકા અને ખર્ચ માટેના માપદંડ તાલીમી સંસ્થાઓને નાણાભંડોળ ઉપલબ્ધ કરવાના હેતુથી નક્કી કરવામાં આવશે.

(vi) આ માટે ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI) નોડલ એજન્સી ગણાશે.

(vii) નાણાભંડોળ મંજૂર કરનાર સત્તાતંત્ર નીચેના સભ્યોની બનેલી હશે :

i. સચિવશ્રી, DEPwD
ii. સંબંધિત સંયુક્ત સચિવ, DEPwD
iii. સંયુક્ત સચિવ-સહ-નાણા સલાહકાર
iv. અધ્યક્ષ, ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI)
v. સભ્યસચિવ, ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI)
vi. અધ્યક્ષ, નેશનલ ટ્રસ્ટ
vii. સંબંધિત નિયામક, સભ્ય સચિવ
viii. વિભાગ હેઠળનાં તમામ રાષ્ટ્રીય સંસ્થાનોના વડાઓ અથવા તેમના પ્રતિનિધિ

ix. દિવ્યાંગજન સંબંધિત સમસ્યાઓના મોડ્યુલ માટેની ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (ToT)ના 4 નિષ્ણાતો

**તાલીમ કાર્યક્રમો:** તાલીમાર્થી માટે ત્રણ દિવસના સમયગાળાના સેમિનાર / કાર્યશાળાઓ રાષ્ટ્રીય / રાજ્ય / જિલ્લા / તાલુકા કક્ષાએ જેવાં સ્થળનો ખર્ચ, ભોજન / રહેઠાણનો ખર્ચ / તાલીમાર્થીઓની ફી વગેરેનો સમાવેશ થાય છે.

**6. કુલ જોગવાઈ**

આ યોજના માટે XIVમી પંચવર્ષીય યોજના માટે રૂ. 20 કરોડની અંકિત જોગવાઈ છે. અને વર્ષ 2018-19 માટે તે પૈકી રૂ. 1 કરોડ મંજૂર કરવામાં આવેલ છે.

**7. લક્ષિત જૂથ**

**(i)** દિવ્યાંગતા ક્ષેત્રે સંકળાયેલ કેન્દ્રીય મંત્રાલય / વિભાગોના / રાજ્ય સરકારોના / સ્થાનિક સત્તાતંત્રો (પંચાયતો અને નગરપાલિકાઓ)ના તેમજ અન્ય સેવા ઉપલબ્ધકારોના મુખ્ય કાર્યવાહકો

**(ii)** તબીબી અને અર્ધતબીબી કાર્યવાહકો

**(iii)** શિક્ષકો અને આચાર્યો

**8. તાલીમી સંસ્થાઓ**

**(ક)** કેન્દ્ર અને રાજ્ય સરકારોની તાલીમી સંસ્થાઓ

**(ખ)** બેન્કો, સહકારી ક્ષેત્ર, કેન્દ્રના જાહેર સાહસોની તાલીમી સંસ્થાઓ

**9. તાલીમનાં મોડ્યુલ**

તાલીમનાં મોડ્યુલ/પ્રશિક્ષણ પ્રક્રિયાની વિગતો ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI) રાષ્ટ્રીય સંસ્થાનોની સાથે પરામર્થનમાં રહીને મંજૂર કરશે. તાલીમનાં મોડ્યુલ તમામ તાલીમી સંસ્થાઓને સોફ્ટ કોપીમાં ઉપલબ્ધ કરાશે.

ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI) આ યોજના અંતર્ગત નોડલ એજન્સી તરીકે રહેશે.

**10. નાણાભંડોળ મંજૂર કરનાર સત્તાતંત્ર**

નીચેના સભ્યોની બનેલી સમિતિ નાણાભંડોળ મંજૂર કરનાર સત્તાતંત્ર તરીકે કાર્ય કરશે.

i. સચિવશ્રી, DEPwD

ii. સંબંધિત સંયુક્ત સચિવ, DEPwD

iii. સંયુક્ત સચિવ-સહ-નાણા સલાહકાર

iv. અધ્યક્ષ, ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI)

v. સભ્યસચિવ, ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ (RCI)

vi. અધ્યક્ષ, નેશનલ ટ્રસ્ટ

vii. સંબંધિત નિયામક, સભ્ય સચિવ

viii. વિભાગ હેઠળનાં તમામ રાષ્ટ્રીય સંસ્થાનોના વડાઓ અથવા તેમના પ્રતિનિધિ

ix. દિવ્યાંગજન સંબંધિત સમસ્યાઓના મોડ્યુલ માટેની ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (ToT)ના 4 નિષ્ણાતો

# પરિશિષ્ટ VI

## દિવ્યાંગજનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી ઉપલબ્ધ કરવા માટે પ્રોત્સાહન યોજના

1. **પૂર્વભૂમિકા**

દિવ્યાંગજનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી આપવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે ખાનગી ક્ષેત્રના રોજગારદાતાઓ માટે વર્ષ 2007-08ના અંદાજપત્રના ભાષણમાં તે સમયના નાણાંમંત્રીએ જાહેર કરી હતી.

આ જાહેરાતના અનુસંધાને સામાજિક, ન્યાય અને અધિકારિતા મંત્રાલયે ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ માટે એક યોજનાનો પ્રારંભ કર્યો જેનો હેતુ રૂ. 25,000/- સુધીના માસિક વેતનથી દિવ્યાંગજનને રોજગારી આપવા માટે સરકાર દ્વારા પ્રથમ ત્રણ વર્ષ માટે નોકરીદાતાનો EPF અને ESI ફાળો ચૂકવવાની યોજના બનાવી હતી.

આ યોજના શરૂ થતાં તેને મુદ્રિત અને અન્ય માધ્યમો મારફતે વ્યાપક પ્રસિદ્ધિ આપવામાં આવી હતી, તમામ મુખ્યમંત્રીઓને આ યોજનાની જાહેરાત કરવા અને તેનું સુનિયંત્રણ કરવા માટે વિનંતી કરવામાં આવી હતી.

FICCIએ તા. 17-10-2008ના દિવસે નોકરીદાતાઓમાં આ યોજનાનો પ્રચાર કરવા માટે નવી દિલ્હી ખાતે એક પરિષદનું આયોજન કર્યું હતું. જેને તે સમયના નાણામંત્રીશ્રીએ સંબોધી હતી. તે પછી હૈદરાબાદ, કોલકાટા અને જયપુર ખાતે રાજ્ય કક્ષાની બેઠકો યોજવામાં આવી હતી.

આ પ્રોત્સાહન યોજના મૂળભૂત રીતે સ્વૈચ્છિક પ્રકારની યોજના છે. તેને મંત્રાલય દ્વારા તેમજ EPFO અને ESIC દ્વારા વ્યાપક પ્રસિદ્ધિ આપવાં આવી હતી. 2008-09 અને તે પછી આ યોજનાની પ્રસિદ્ધિ માટે EPFO અને ESICને રૂ. 3 કરોડ ચૂકવવામાં આવ્યા છે.

આમ મુદ્રિત અને અન્ય માધ્યમો મારફતે યોજનાને વ્યાપક પ્રસિદ્ધિ આપવા છતાં તેની સિદ્ધિ નોંધપાત્ર થઈ નથી. આ યોજનાના લાભાર્થીઓ મુખ્યત્વે આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને દિલ્હીમાં છે. અન્ય રાજ્યોમાં તેની નીચે કોઈ લાભાર્થી નથી અથવા જૂજ સંખ્યાના લાભાર્થીઓ છે.

યોજનાની પ્રસિદ્ધિ અને તેના અમલ ઉપર ઉચ્ચ કક્ષાની સમિતિ દ્વારા સુનિયંત્રણ છતાં, આ યોજના હજી જામી નથી. તેથી આ યોજના નીચે લાભ લેવા માટે આ યોજનાને ખાનગીક્ષેત્ર માટે વધુ આકર્ષક બનાવવાની જરૂર છે. તેમજ કુશળતા ધરાવતા માનવસંસાધનની રોજગારક્ષમતા અને ઉપલબ્ધતા સંબંધિત મુદ્દાઓને પણ હલ કરવાની જરૂરિયાત છે.

આ યોજનાને મોળો પ્રતિભાવ મળ્યો તેનાં કારણોની સમીક્ષા કરવા માટે તેમજ રોજગારદાતાઓ માટે તેને વધારે આકર્ષક બનાવવા માટેનાં સૂચનો કરવા માટે શ્રમમંત્રાલયના અધિક સચિવના અધ્યક્ષસ્થાને એક ટાસ્કફોર્સની રચના કરવામાં આવી હતી. આ ટાસ્ક ફોર્સે તેનો અહેવાલ 2012માં રજૂ કર્યો અને તેમાં કેટલીક ભલામણો કરી :

2. **પ્રોત્સાહન માટેની યોજનાને મળેલા મંદ પ્રતિભાવ માટે જે કેટલાંક કારણો ઉજાગર કરવામાં આવ્યાં તે નીચે પ્રમાણે હતાં :**

   (ક) રોજગારદાતાઓનો ફાળો માત્ર ત્રણ વરસના સમયગાળા પૂરતો જ સરકાર દ્વારા ચૂકવવાનો હતો.

   (ખ) યોજના નીચે વેતનની મર્યાદા 25,000 સુધીની જ નક્કી કરવામાં આવી હતી.

   (ગ) 1.1% નો વહીવટી ખર્ચ રોજગારદાતાએ ચૂકવવાનો હતો.

   (ઘ) રોજગારદાતાઓને કરવેરામાં કોઈ રાહત / માફી આપવામાં આવી ન હતી.

(ચ) રોજગારદાતાઓનો ફાળો પરત ચુકવવાની પદ્ધતિ બહુ જટિલ હતી.

(છ) દિવ્યાંગજનોની કુશળતા ખાનગીક્ષેત્રની જરૂરિયાત સાથે મેળ ખાતી ન હતી.

(ઝ) ખાનગીક્ષેત્રમાં દિવ્યાંગજનોની રોજગારી આદેશાત્મક ન હતી.

3. **આ મુદ્દા દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગ DEPwDની વિચારણા હેઠળ છે અને જુદા જુદા હિતધારકો સાથે, આ સુચના / પ્રતિભાવો/આપૂર્તિઓ વિશે મંત્રણા કરીને યોજનામાં નીચે પ્રમાણે ફેરફાર સૂચવાયા છે.**

4. **ખાનગીક્ષેત્રમાં દિવ્યાંગજનોને રોજગારી ઉપલબ્ધ કરવાની યોજનામાં સુધારેલ પ્રોત્સાહન**

(ક) રોજગારદાતાઓએ દિવ્યાંગ કર્મચારીઓ માટેનો EPF/ESI ફાળો ભરવાનો રહેશે નહિ. રોજગારદાતાઓએ માત્ર EPFO/ESICને માત્ર જે – તે દિવ્યાંગ વ્યક્તિને રોજગારી આપ્યા સંબંધી જાણ કરવાની રહેશે અને કર્મચારીઓનો ફાળો EPFO/ESICમાં જમા કરાવવાનો રહેશે. તે પછી રોજગારદાતાઓનો ફાળો જે તે દિવ્યાંગ કર્મચારીઓના હિસાબમાં EPFO/ESIC જમા કરી દેશે. DEPwD EPFO/ESICને અગાઉથી જ ચુકવણી કરશે.

(ખ) આ યોજના ખાનગી ક્ષેત્રમાં રોજગારી પ્રાપ્ત કરનાર તમામ દિવ્યાંગજનોને તેમના પગાર / વેતનની મહ્ત્તમ મર્યાદા ધ્યાનમાં લીધા વિના લાગુ પડશે.

(ગ) EPF/ESI ફાળાનો લાગુ પડતો વહીવટી ખર્ચ લાગુ પડતા દરે DEPwD ભોગવશે.

(ઘ) સરકાર રોજગાર દાતાઓને EPFO/ESIC ફાળો દસ વરસ સુધી ચુકવશે.

(ચ) દિવ્યાંગ કર્મચારીઓની ગ્રેજ્યુઇટીની રકમ જે દિવ્યાંગ કર્મચારીને મળવાપાત્ર છે તેની 1/3 રકમ હાલની ગ્રેજ્યુઇટી અધિનિયમની જોગવાઈ અનુસાર રોજગારદાતાએ ચુકવવાની છે તે રકમ DEPwD ભોગવશે.

(છ) જો ખાનગીક્ષેત્ર દિવ્યાંગ વ્યક્તિને કોઈ અમુક ખાસ ઉદ્યોગમાં એપ્રેન્ટીસ તરીકે ભરતી કરે અને એપ્રેન્ટીશીપનો સમય પૂરો થયા બાદ તેને નોકરી રાખે તો એપ્રેન્ટીશીપનો સમય પૂરો થયા બાદ તેને નોકરીએ રાખે તો એપ્રેન્ટીશીપ સમય દરમિયાન દિવ્યાંગ વ્યક્તિને મળવાપાત્ર સ્ટાઇપેન્ડ DEPwD ભોગવશે.

(જ) આ યોજનામાં નીચેના હેતુ માટે પૂરતી અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવશે.

(i) FICCI, ASSOCHAM, CII જેવાં ઉદ્યોગ / વ્યવસાયનાં મંડળોને યોજનાની જોગવાઈઓ સંબંધે સંવેદનશીલ બનાવવાં

(ii) કોર્પોરેટ સંસ્થાઓના માનવસંસાધન વડા / મેનેજરને યોજના સંબંધે સંવેદનશીલ બનાવવા માટેના તેમજ તેઓને પોતાની સંસ્થા / પેઢીઓમાં દિવ્યાંગ વ્યક્તિને રોજગારી આપવા માટે પ્રેરવા માટેના સેમિનાર કાર્યશાળાઓનું આયોજન / ગોઠવણ

(iii) વીજાણુ મુદ્રિત અને સામાજિક મિડીયા મારફતે પત્રિકા અને ચોપાનિયાં / બ્રોશર પ્રસિદ્ધ કરીને યોજનાની પૂરતી પ્રસિદ્ધિ

(iv) વખતોવખત દેશભરમાં જુદાં જુદાં સ્થળોએ ભરતીમેળા ગોઠવવા

(ઝ) વિભાગ કરવેરા સલાહકારોના અભિપ્રાય મેળવી અને નાણામંત્રાલયને તે રીફર કરવાની યોગ્ય તે દરખાસ્ત કરશે; જેથી ખાનગી ક્ષેત્રના રોજગારદાતાઓને દિવ્યાંગજનોને રોજગારી આપવા માટેનું પ્રોત્સાહન મળી રહે.

5. **યોજનાનું સુનિયંત્રણ**

યોજનાના અમલના સુનિયંત્રણ માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિની રચના નીચે પ્રમાણે હશેઃ

(ક) દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના વિભાગ DEPwDના સચિવ – અધ્યક્ષ

(ખ) મહાનિયામક, રોજગાર અને તાલીમ, શ્રમ અને રોજગારમંત્રાલય – સભ્ય

(ગ) મુખ્ય પ્રોવિડન્ડ ફંડ કમિશનર EPFO – સભ્ય

(ઘ) કમિશનર, ESIC – કામદાર રાજ્ય વીમા યોજના – સભ્ય

(ચ) DEPwDના સંયુક્ત સચિવ અને નાણા સલાહકાર – સભ્ય

(છ) સમિતિ ASSOCHAM, CII જેવા મહામંડળોના કર્મચારીઓની સંસ્થાઓને ખાસ આમંત્રિત તરીકે અથવા તજજ્ઞ – જૂથ તરીકે આમંત્રિત કરશે.

(જ) DEPwDના સંબંધિત સંયુક્ત સચિવ – સભ્ય સચિવ

(ઝ) રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ –

સમિતિની બેઠક સમયાંતરે જરૂરિયાત અનુસાર બોલાવાશે પરંતુ દર ત્રણ મહિને ઓછામાં ઓછું એકવાર તો બોલાવાશે અને તેમાં યોજનાના સરળ અમલ માટેના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે.

6. EPFO અને ESIC જેવી અમલીકરણ કરતી સંસ્થાઓ DEPwDને ત્રિમાસિક પત્રક મોકલીને તેમાં લાભાર્થીઓની વિગતો અને નાણાભંડોળના ઉપયોગ

અંગેની માહિતી રજૂ કરશે. આ પત્રક ઉપર દર્શાવવામા આવેલ ઉચ્ચ કક્ષાની સમિતિ સમક્ષ રજૂ કરાશે.

7. **વહીવટીખર્ચ**

યોજનાના વહીવટી ખર્ચ માટે અને કરારના ધોરણે યોજનાના અમલ માટે કર્મચારીગણની ભરતી, અવારનવાર યોજાતી બેઠકો વગેરે ખર્ચને આવરી લેવા માટે યોજનાની કુલ જોગવાઈમાંથી 3% રકમ વહીવટી ખર્ચ માટે ફાળવવામાં આવશે.

8. આ યોજનામાંથી ઉદ્દભવતી કાનૂની વિવાદની બાબતો દિલ્હી સ્થિતિ રાષ્ટ્રીય મુખ્ય મથકના કાર્યક્ષેત્રની ગણાશે.

9. સુધારેલી યોજનાની સમીક્ષા દર ત્રણ વરસે કરાશે.

10. સુધારેલી યોજનાનો અમલ તા. 1લી એપ્રિલ 2016થી કરવામાં આવશે.

# પરિશિષ્ટ VII

# નિયત કરવામાં આવેલા જિલ્લાઓમાં જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપન કેન્દ્રો – DDRCની સ્થાપના

## 1. પૂર્વભૂમિકા

1985-1990ના સમયગાળામાં જિલ્લા સંસાધન કેન્દ્રો (DRCS)ને ALIMCO જેવી રાષ્ટ્રીય સંસ્થાઓની આઉટરીચ પ્રવૃત્તિ તરીકે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના નેજા હેઠળ દિવ્યાંગજનોને તૃણમૂલ કક્ષાએ સઘન સેવાઓ ઉપલબ્ધ કરવા માટે તેમજ પુનઃસ્થાપન વ્યાવસાયિકોને જિલ્લા કક્ષાએ જાગૃતિ નિર્માણ પુનઃસ્થાપન અને તાલીમ માટે માળખાકીય અને ક્ષમતા નિર્માણ સેવાઓ માટે સુવિધા ઉપલબ્ધ કરવા માટે સ્થાપવામાં આવ્યાં હતાં.

1994-2000ના વરસથી રાજ્ય સરકારોના સક્રિય સહયોગથી જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપના કેન્દ્રો – DDRCs સ્થાપવામાં આવ્યાં. રાષ્ટ્રીય સંસ્થા / ALIMCO / CRCs એ આ કેન્દ્રો સ્થાપવામાં ટેકનિકલ સહયોગ અને ત્રણ વરસ માટેના નાણાભંડોળનો સહયોગ આપ્યો અને રાજ્ય સરકારોએ તેને માટે અવરોધમુક્ત મકાનો પૂરાં પાડ્યાં તેમજ જિલ્લા કલેક્ટરોના અધ્યક્ષસ્થાને જિલ્લા વ્યવસ્થાપન ટીમ મારફતે તે કેન્દ્રો માટે રાજ્ય સરકારોની યોજનાઓ સાથે સુસંકલન(convergence)ની દેખરેખની વ્યવસ્થા ઉપલબ્ધ કરી, તે સમયે આયોજન એવું હતું કે ત્રણ વરસના સમયગાળા પછી આ DDRCs કેન્દ્રોને જિલ્લા વહીવટીતંત્રને હસ્તક સોંપી દેવાનાં હતાં. પરંતુ કેટલાંક રાજ્યો, આ કેન્દ્રો માટેનું નાણાભંડોળ પોતાના સંસાધનોમાંથી કરવું પડે એ કારણે આ કેન્દ્રો સ્વીકારવાનું વલણ ધરાવતાં ન હતાં; તેથી આ યોજના માટેનું ખર્ચ SIPDA – દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના અધિનિયમની જોગવાઈઓના અમલ માટેની યોજના દીનદયાળ દિવ્યાંગ

પુનઃસ્થાપન યોજના (DDRS) ખાતે ફેરવવામાં આવ્યું. વર્ષ 2018-19થી આ યોજના માટેનું ખર્ચ SIPDA યોજના નીચે કરવાનું રહેશે.

હવે જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપન કેન્દ્રો – DDRC – આયોજન હેઠળની યોજના SIPDA (scheme for implementation of Rights of Persons with Disabilities Act, 2016) હેઠળ સ્થાપવામાં આવે છે અને તે યોજના અંતર્ગત જ તેનું નાણાભંડોળ ફાળવવામાં આવે છે. આ એક છત્રરૂપ (umbrella) યોજના છે જે અંતર્ગત રાજ્ય સરકારોને અને અન્ય સંસ્થાઓ જે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સ્થાપવામાં આવી હોય તેને, જેમાં સ્વાયત્ત સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ વગેરેનો પણ સમાવેશ થાય છે, તેને આ પ્રવૃત્તિઓ માટેની ગ્રાન્ટ ચુકવાય છે.

## 2. DDRCsની સ્થાપના પાછળના ઉદ્દેશો

જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપન કેન્દ્રો (DDRCs)ની સ્થાપના દ્વારા દિવ્યાંગજનોને નીચેના દ્વારા પુનઃસ્થાપન સહયોગ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે :

- શિબિર અભિગમ મારફતે દિવ્યાંગજનોની મોજણી કરવી અને ઓળખ કરવી, દિવ્યાંગતાનાં પ્રમાણપત્રો મેળવવા માટે સહાય કરવી, બસ માટેના પાસ અને દિવ્યાંગ માટેની અને અન્ય રાહતો/સુવિધાઓ મેળવવા માટે સહાય કરવી, જિલ્લામાં દિવ્યાંગજનોને વિશિષ્ટ દિવ્યાંગતા ઓળખ (UCID) ઓળખકાર્ડ મેળવવામાં સહાય કરવી.
- દિવ્યાંગતા અટકાવવામાં, દિવ્યાંગતાની વહેલી ઓળખ કરવામાં; દરમિયાનગીરી કાર્યક્રમને પ્રોત્સાહન અમલ અને આગળ ધપાવવા માટે જાગૃતિ પેદા કરવી તેમજ જિલ્લા દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે કાર્ય કરતી સંસ્થાઓ વિશેની માહિતી નિભાવવી વગેરે.
- વહેલાસરની દરમિયાનગીરી તેમજ નેશનલ ટ્રસ્ટ અને દિવ્યાંગજનોની સશક્તિકરણ વિભાગ દ્વારા દિવ્યાંગજનો માટે શરૂ કરાયેલી વીમા યોજનાને માટે સહાય કરવી;

- સહાયક સાધનસામગ્રી/ઉપકરણોની જરૂરિયાતોની સમીક્ષા કરવી / તેવાં સાધનો / ઉપકરણોની ઉપલબ્ધ અને ફીટીંગ વગેરેની વ્યવસ્થા તેવાં સાધનો / ઉપકરણોનું ફોલોઅપ / મરામત; સાધનો / ઉપકરણોના વિતરણમાં ADIP/ALMICOને સહાય કરવી વગેરે
- સારવાર સેવાઓ જેમકે ફિઝિયોથેરાપી, એક્યુપ્રેસર થેરાપી, સ્પીચ થેરાપી
- સરકારી અને સેવાભાવી સંસ્થાઓ મારફતે રેફરલ અને વાઢકાપ / વગેરે સર્જરી માટેની વ્યવસ્થા
- સ્વ-રોજગારી માટે બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓ મારફતે ધીરાણની વ્યવસ્થા
- દિવ્યાંગજનોનું તેમના માતાપિતાનું અને કુટુંબના સભ્યોનું કાઉન્સેલિંગ
- અવરોધમુકત વાતાવરણ માટે પ્રોત્સાહન અને વિભાગના સુગમ્ય ભારત અભિયાનમાં સક્રિય ભૂમિકા
- દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિક્ષણને પ્રોત્સાહન માટે સમર્થનકારી અને પૂરક સેવાઓ; દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવામાં સહાય; પાત્રતા ધરાવતા દિવ્યાંગજનોને વ્યાવસાયિક તાલીમ / કૌશલ્ય તાલીમ અને દિવ્યાંગજનોને નીચેના મારફતે રોજગારી;
    - શિક્ષકો, સમુદાય અને પરિવારોને અભિમુખતા તાલીમ ઉપલબ્ધ કરવા દ્વારા
    - દિવ્યાંગજનોને શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને રોજગારી માટે વહેલાસર પ્રેરણા અને વહેલાસર ઉદ્દીપન માટેની તાલીમ ઉપલબ્ધ કરવા દ્વારા
    - સ્થાનિક સંસાધનો અને ડિઝાઇનો ધ્યાનમાં રાખીને દિવ્યાંગજનોને માટે યોગ્ય તે વ્યવસાયો શોધવા અને તે માટે

તેમને યોગ્ય પ્રકારની વ્યાવસાયિક તાલીમ ઉપલબ્ધ કરવા દ્વારા તેમજ તેમને માટે સુયોગ્ય નોકરીઓ શોધવા દ્વારા જેથી તેઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવી શકાય.

- પ્રવર્તમાન શૈક્ષણિક તાલીમ માટે, વ્યાવસાયિક સંસ્થાઓ માટે રેફરલ સેવાઓ ઉપલબ્ધ કરવી અને રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા અપાતી સેવાઓના સંદર્ભે આઉટરીચ કેન્દ્રો તરીકેની ભૂમિકા બનાવવી.

**3. દિવ્યાંગજનોના અધિકાર અધિનિયમ, 2016 હેઠળની દિવ્યાંગતાઓ**

ઉપરના અધિનિયમ હેઠળ જે પ્રકારની દિવ્યાંગતાઓ જાહેર કરવામાં આવી છે તેની યાદી બિડાણ-1 પર છે. તેવી દિવ્યાંગતાની ટકાવારી નક્કી કરવાની માર્ગદર્શિકા આ વિભાગના પોર્ટલ પર ઉપલબ્ધ છે.

**4. (i) DDRCs સ્થાપવા માટે મંજૂર કરવામાં આવેલા નિયત કરેલા જિલ્લાઓ**

વિભાગના આ યોજના અંતર્ગત DDRCsની સ્થાપના કરવા માટે દેશભરમાં 310 જિલ્લાઓ મંજૂર કરવામાં આવેલ છે. તે નક્કી કરવામાં આવેલા જિલ્લોની યાદી બિડાણ-II-ક ઉપર છે. આ જિલ્લાઓ ઉપરાંત રાજ્યો પણ તે જ પદ્ધતિ અનુસાર અથવા અન્યથા અન્ય બાકી રહી ગયેલ જિલ્લાઓમાં DDRCs સ્થાપી શકે. પરંતુ તે રીતે સ્થાપવામાં આવેલા DDRCs માટે રાજ્યોએ પોતાની અંદાજપત્રમાંથી તેના નાણાભંડોળની વ્યવસ્થા કરવાની રહેશે. ગૃહમંત્રાલયે જે જિલ્લાઓને ડાબેરી પાંખના અંતિમવાદીઓથી ગ્રસ્ત જિલ્લાઓ જાહેર કરેલ છે. તેની યાદી બિડાણ II-ખ ઉપર છે.

પ્રત્યેક DDRC પોતાની નજીકના જિલ્લામાં DDRC ન હોય તો તેવા નજીકના પડોશના જિલ્લાની દિવ્યાંગ વ્યક્તિઓની દેખભાળ રાખી શકે છે અને તેઓ પુનઃસ્થાપન સેવાઓ ઉપલબ્ધ કરી શકે છે.

**(ii) DDRCની રચના કરવાની કાર્યપદ્ધતિ**

**(ક)** જિલ્લા વ્યવસ્થાપન ટીમ(DMT)ની રચના

દરેક DDRC જિલ્લા કલેક્ટરના વડપણ હેઠળ રચાયેલી જિલ્લા વ્યવસ્થાપન ટીમ(DMT)ની દેખરેખ હેઠળ કાર્ય કરશે અને તે ટીમમાં બહેતર સંકલન અને સુનિયંત્રણ માટે સમાજકલ્યાણ, આરોગ્ય, પંચાયતી રાજ, મહિલા અને બાળકલ્યાણ વિભાગ, અમલીકરણ, કરતી સંસ્થાના નોડલ ઓફિસર અને પ્રતિષ્ઠિત બિનસરકારી સંગઠન / જાહેર સંસ્થાના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાનો રહેશે. આ ટીમ, DDRCની અસકયામતોની રક્ષક અને દેખભાળ કરનાર ગણાશે. જિલ્લા વ્યવસ્થાપન ટીમ (DMT)નાં મહત્વનાં કાર્યો નીચે પ્રમાણે રહેશેઃ

- નોંધાયેલી અમલ કરનારી સંસ્થાની પસંદગી
- માનવશક્તિની પસંદગી / નિયુક્તિ અને તેમને રોકવા સંબંધિત શરતોનું આખરીકરણ
- DDRCની પ્રવૃત્તિઓનું સુનિયંત્રણ અને સંકલન
- દિવ્યાંગજનોને પુનઃસ્થાપન સંબંધે જિલ્લાની અન્ય પ્રવૃત્તિઓ સાથે તાલમેળ (Convergence)
- DDRCની અસકયામતોની તેમજ વિભાગની ADIP યોજના અંતર્ગત કોઈ સામગ્રી પ્રાપ્ત થઈ હોય તો તેની સલામતી
- જિલ્લા વ્યવસ્થાપન ટીમ(DMT)ની બેઠક મહિને એકવાર મળશે અને વર્ષમાં ઓછામાં ઓછી ચાર બેઠકો તો મળશે જ.

**(ખ) સંકલન – નોડલ અધિકારી (DDRO)**

કાર્યના બહેતર સંકલન માટે જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપના અધિકારી (DDRO) તરીકે DMTમાં સામેલ કરવામાં આવેલ અધિકારીઓ પૈકીના કોઈ અધિકારીને નક્કી કરવામાં આવશે જે નોડલ અધિકારી તરીકે DDRCની પ્રવૃત્તિઓનું સુનિયંત્રણ અને સંકલન કરશે.

જિલ્લા દિવ્યાંગ પુનઃસ્થાપન અધિકારી (DDRO) DDRCના રોજેરોજના કામના આધાર પર તેના સંકલન, વ્યવસ્થાપન અને વહીવટ માટે જવાબદાર ગણાશે અને તેમને દર મહિને રૂ. 2000/- નું માનદ મહેનતાણું ચુકવશે.

**(iii) DDRC ચલાવવા માટે જિલ્લા વ્યવસ્થાપન ટીમ (DMT) દ્વારા યોગ્ય અમલ કરતી સંસ્થાની શોધ**

આવી અમલ કરતી સંસ્થા શક્ય હોય ત્યાં સુધી,

1) રેડક્રોસ સોસાયટી હોઈ શકે અથવા

2) રાજ્ય સરકારની કોઈ સ્વાયત્ત કે અર્ધસ્વાયત્ત સંસ્થા હોઈ શકે; અથવા

3) બહુ સારો ભૂતકાળનો અનુભવ ધરાવતું પ્રતિષ્ઠિત બિનસરકારી સંગઠન હોઈ શકે; જે DDRCનું તેના સ્થાપનાકાળથી જ યોગ્ય વ્યવસ્થાપન કરવાની ક્ષમતા ધરાવતું હોય, અન્ય બિનસરકારી સંગઠનો કરતાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ સમક્ષ નોંધાયેલ, કાર્યરત જિલ્લા રેડક્રોસ સોસાયટી / સંસ્થાને પ્રથમ અગ્રતાક્રમ આપવાનો રહેશે. સ્થાનિક રીતે જાહેરાત કરીને જિલ્લા વ્યવસ્થાપન ટીમ રસ ધરાવતી નોંધાયેલી સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મંગાવી શકે અને તે પછી, તે પૈકી જે કોઈ સંસ્થા સૌથી વધારે યોગ્ય હોય તેને કામગીરી સોંપી શકે.

પ્રવર્તમાન તંત્ર ઉપરાંત રાજ્યો હાલના કાયદા નીચે નવી જ રાજ્ય કક્ષાની સંસ્થા / મંડળી રચી શકે અને જે તે જિલ્લામાં તેની શાખા દ્વારા અમલીકરણ કરતી સંસ્થા તરીકે DDRC ચલાવી શકે.

**4) DDRC માટે જગાની વ્યવસ્થા**

જિલ્લા સત્તાતંત્રએ DDRC ના કાર્ય માટે યોગ્ય તે જગા શોધીને ભાડામુક્ત ધોરણે તે DDRC માટે ફાળવી શકે. આ માટેનું મકાન શક્યતઃ અવરોધમુક્ત હોવું જોઈએ અને દિવ્યાંગ વ્યક્તિઓને માટે તે

સરળતાથી પહોંચી શકાય તેવું હોવું જોઈએ તેમજ તેમાં વીજળી અને પાણીની પૂરતી સુવિધા હોવી જોઈએ.

આ માટે ઓછામાં ઓછી 400 ચો.મીટર જેટલી જગ્યા આવશ્યક ગણાય. જો ભાડામુક્ત જગાની વ્યવસ્થા ન થઈ શકે તો સૂચિત મર્યાદાની અંદર રહીને ભાડેથી મકાન રાખી શકાય. ભાડામુક્ત કે ભાડાના મકાનના નિભાવ ખર્ચની રકમ ગ્રાન્ટમાં કન્ટીજન્સી ખાતા હેઠળની ફાળવણીમાંથી મેળવવાનો રહેશે.

**5) DDRC માટે કર્મચારીગણ**

(ક) DDRCનો અમલ કરતી સંસ્થા દ્વારા કરાર આધારે કર્મચારીગણની ભરતી

દરેક DDRC માટે વધુમાં વધુ 12 કર્મચારીઓ હશે જે ખાસ લાયકાત ધરાવતા હશે. તેમને નિયત ધારાધોરણો અનુસારનું ફિક્સ વેતન ચુકવવામાં આવશે. પુનઃસ્થાપન માટેના કર્મચારીગણે RCIમાં નોંધણી કરાવેલી હોવી જોઈએ. આ યોજના અંતર્ગત કોઈ કાયમી કર્મચારીઓ માટેની જગાઓ ઊભી કરવાની નથી અને કર્મચારીગણની ભરતી નિયત મહેનતાણા / કરારના ધોરણે DMT દ્વારા / શક્યતઃ સ્થાનિક સંસાધનોમાંથી અગ્રતા અનુસાર કરવામાં આવશે.

- સરકારી / જિલ્લા હોસ્પિટલોના પ્રવર્તમાન વ્યાવસાયિકો – માનદવેતનના આધાર પર
- સરકારી / જિલ્લા હોસ્પિટલોના પ્રવર્તમાન વ્યાવસાયિકો – પ્રતીકાત્મક માનદવેતનના આધાર પર
- વ્યાવસાયિકો અને અન્ય કર્મચારીઓ માત્ર કરાર આધારિત પ્રકારે

(ખ) જિલ્લા વ્યવસ્થાપન ટીમને જરૂરિયાત અનુસાર ઉપરના પૈકી કોઈપણ વિકલ્પ પસંદ કરવાની તેમજ રાજ્ય સરકારોના

ધારાધોરણો અનુસાર પ્રતીકાત્મક માનદવેતનની ભલામણ કરવાની સત્તા છે.

(ગ) DDRC તેમની વિવિધ પ્રવૃત્તિઓ અસરકારક રીતે નિભાવી શકે તે માટે રાજ્ય સરકારો માનવવેતન અને અન્ય જરૂરિયાતોમાં પૂરક ઉમેરો કરી શકે છે. આ માટે રાજ્ય સરકારે જિલ્લા વ્યવસ્થાપન ટીમને આવશ્યક સૂચનાની અને માર્ગદર્શનની આગોતરી જાણ કરી દેવી જોઈએ જેથી DDRC મંજૂર થાય તે સાથે જ કર્મચારીઓની નિયુક્તિ થઈ શકે.

6) માન્ય કરાયેલ માનવશક્તિ (કર્મચારીગણ), માનદવેતનની રકમ અને તેને માટે માન્ય કરવામાં આવેલ ગ્રાન્ટ

**(ક)** પ્રત્યેક DDRCમાં નીચે પ્રમાણેના કર્મચારીગણને ફિક્સ માનદવેતનથી તેમને માટે નિયત કરાયેલ લાયકાત પ્રમાણે કરારથી રોકવામાં આવશે. પુનઃસ્થાપન વ્યાવસાયિકો શક્યતઃ ભારતની પુનઃસ્થાપન કાઉન્સિલ(RCI)માં નોંધાયેલા હોવા જોઈએ. DDRCના કર્મચારીગણની સેવાઓની શરતો નક્કી કરવાની જવાબદારી અમલીકરણ કરતી સંસ્થાની છે, અને નહિ કે કેન્દ્ર સરકારની.

| **Sr. No** | **POSTS & QUALIFICATIONS** | **Honorarium after using multiplication factor of 2.50 (Rs)** | **નીચેની નોંધ પ્રમાણે નક્કી કરેલા વિસ્તારોમાં/ રાજ્યોમાં DDRCs માટે 20% ઊંચા દરે માનદ-વેતન રૂપિયા** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| 1 | Clinical Psychologist (M.Phil in clinical Psychology/ MA in Psychology preferably with 2 years experience in the field of disability rehabilitation) | 20500 | 24600 |
| 2 | Sr. Physiotherapist/Occupational Therapist (Post Graduate in related field with 5 years experience | 20500 | 24600 |
| 3 | Orthopedically Handicapped Sr. Prosthetist / Orthotist - Degree III Prosthetic and Orthotic preferably from National Institute with 5 yrs experience or a diploma in Prosthetic & Orthotic with 6 years experience) | 20500 | 24600 |
| 4 | Prosthetist/Orthotist technician<br>ITI trained with 2/3 years experience | 14500 | 17400 |
| 5 | Sr.Speech Therapist / Audiologist (Post graduate in related field/B.Sc (Speech & Hearing) | 20500 | 24600 |
| 6 | Hearing Assistant / Junior Speech Therapist – Diploma in Speech & Hearing with knowledge of hearing aids repair/ear mould making | 14500 | 17400 |
| 7. | Mobility Instructor - Matriculation + Certificate / Diploma in Mobility | 1 4500 | 17400 |
| 8. | Multipurpose Rehabilitation Worker<br>(10 + 2 with diploma in CBR/MRW course or one year diploma course in early childhood special education with two years of experience) | 14500 | 17400 |
| 9. | Accountant cum clerk cum storekeeper<br>(B.Com/SAS with 2 years experience) | 14500 | 17400 |
| 10. | Attendant cum Peon cum Messenger<br>(VIII Class Pass ) | 9500 | 11400 |
| 11. | Field & Publicity Assistant. (Graduate) | 14500 | 17400 |

| | | | |
|---|---|---|---|
| 12. | Vocational Counselor cum Computer Assistant (Graduate) | 14500 | 17400 |

નોંધઃ (i) DDRC પૂર્વોત્તર રાજ્યોમાં આંદામન નિકોબાર ટાપુઓમાં લક્ષદ્વીપમાં, પોંડીચેરીમાં, દમણ અને દીવમાં, જમ્મુ અને કાશ્મીરમાં, હિમાચલ પ્રદેશમાં, ઉત્તરાખંડમાં, ડાબેરી પાંખના આતંકવાદગ્રસ્ત વિસ્તારોમાં તેમજ દેશની આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા રાજ્યના જિલ્લામાં આવેલા હશે તેમને દેશના અન્ય ભાગોમાં આવેલાં DDRCs કરતાં 20% વધુ દરે માનદ વેતન મળવાપાત્ર છે.

(ii) અમુક સેવા નિયત જિલ્લાઓમાં DDRC શરૂ કરવાની દરખાસ્ત છે. જ્યાં તેને માટેના અનુરૂપ લાયકાત ધરાવતો કર્મચારીગણ મળવાનું મુશ્કેલ છે. અહીં જો લાયકાત ધરાવતા પુનઃસ્થાપન માટેના કર્મચારીઓ તાત્કાલિક ન મળી શકે તો તેવા કર્મચારીઓ જ્યાં સુધી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી જિલ્લા વ્યવસ્થાપન ટીમ (DMT), તેનાથી ઓછી લાયકાત ધરાવતા કર્મચારીઓને નીમી શકે છે. પરંતુ ટેકનિકલ પ્રકારના કામ ઉપર બિન-ટેકનિકલ લાયકાતવાળા કર્મચારીઓ નીમવા નહિ.

(iii) DDRO / નોડલ ઓફિસર (જે જિલ્લા વ્યવસ્થાપન ટીમના સભ્યો પૈકીના જ એક અધિકારી હશે અને જે DDRCની પ્રવૃત્તિઓનું સુનિયંત્રણ અને સંકલનની જવાબદારી સંભાળતા હશે તેને માનદવેતન તરીકે માસિક રૂ. 2000/- ચૂકવવામાં આવશે.

**(ખ) મળવાપાત્ર સહાયક અનુદાન**

એક DDRC માટે SIPDA અંતર્ગત આવર્તક અને અનાવર્તક ખર્ચની વિગતો નીચે પ્રમાણે છેઃ

**(રૂપિયા લાખમાં)**

| **આઇટમ/બાબત** | **સામાન્ય રાજ્યોમાં વાર્ષિક રૂપિયા** | **ખાસ રાજ્યોમાં 20% વધારાના ધોરણે વાર્ષિક રૂપિયા** |
|---|---|---|
| કુલ માનદવેતન | 23.40 | 28.08 |
| કચેરીખર્ચ/કન્ટીજન્સી | 05.25 | 5.25 |
| સાધનો (માત્ર પ્રથમ વર્ષ માટે) | 20.00 | 20.. |
| પ્રથમ વર્ષ માટે કુલ | 48.65 | 53.33 |
| બીજા વર્ષ માટે કુલ | 28.65 | 33.33 |
| ત્રીજા વર્ષ માટે કુલ | 28.65 | 33.33 |

**5. (i) યોજના નીચે નાણાભંડોળ વ્યવસ્થા**

DDRCsને ‘દિવ્યાંગજનો માટેના અધિકાર અધિનિયમ, 2016ના અમલ માટેની યોજના’ (SIPDA) નીચે નાણાભંડોળ ફાળવવામાં આવશે. આ હેતુ માટે અલગ પોર્ટલ ન બનાવવામાં આવે ત્યાં સુધી DDRC માટેની ઓનલાઇન દરખાસ્તો વિભાગના પ્રવર્તમાન પોર્ટલ પર મોકલવાનું ચાલુ રહેશે.

**(ii) સહાયક ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્તો મોકલવા બાબત**

સહાયક ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્ત દરેક વર્ષના પહેલા ત્રિમાસમાં જિલ્લા કલેક્ટર / જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બિડાણ III ના નમૂના અનુસાર ભલામણ માટે મોકલી આપવાની રહેશે. જિલ્લા કલેક્ટર / મેજિસ્ટ્રેટની

ભલામણ અનુસાર DDRC માટે વર્ષ માટે જે ખર્ચના અંદાજો દર્શાવવામાં આવ્યા હશે તેના આધાર પર ગ્રાન્ટ છૂટી કરવામાં આવશે. બાકીની માન્ય ગ્રાન્ટ અથવા સરકારની ભલામણ મળ્યા બાદ તેમજ ઓડિટ થયેલા હિસાબો અને આગળની ગ્રાન્ટ / અગાઉના હપતાના ઉપયોગિતા પ્રમાણપત્રો પ્રાપ્ત થયા બાદ છૂટી કરવામાં આવશે.

**(iii) નાણા વ્યવસ્થાપન અંગેનાં ધારાધોરણ**

કેન્દ્રીય ક્ષેત્રની યોજના હેઠળ તમામ લેવડદેવડ / ચુકવણાં જાહેર નાણા વ્યવસ્થાપન વ્યવસ્થા (PFMS) અનુસાર થાય છે. ગ્રાન્ટ મેળવવા ઇચ્છતા તમામ બિન સરકારી સંગઠનો / સ્વૈચ્છિક સંસ્થાઓએ ફરજિયાતપણે જાહેર નાણા વ્યવસ્થાપન વ્યવસ્થાનું ખર્ચ, પેશગી અને તબદીલી (EAT) મોડ્યુલનો ઉપયોગ, ભારત સરકાર તરફથી છૂટી કરવામાં આવતા નાણાભંડોળ માટે કરવાનો રહેશે.

(ક) જ્યાં કેન્દ્રીય નાણાકીય સહાય (Central Financial Assistance) મંજૂર કરવામાં આવે છે તેવા કિસ્સાઓમાં, જો ગ્રાન્ટ મેળવનાર સંસ્થા / સંગઠન નિયત કરેલા ઉદ્દેશો સિદ્ધ કર્યાના અને ખર્ચ કર્યાના સંપૂર્ણ નક્કર પુરાવા ઓડિટેડ પત્રકોના સમર્થન સાથે રજૂ કરે તો ગ્રાન્ટ એક જ હપતામાં છૂટી કરવામાં આવશે.

(ખ) DDRCના અમલીકરણ કરતી અને ગ્રાન્ટ મેળવવા ઇચ્છતી સંસ્થા આ યોજના અંતર્ગત નીતિ આયોગના પોર્ટલ (NGO – Darpan Portal)માં નોંધાયેલી હોવી જોઈએ અને તેણે આ યોજના નીચે ગ્રાન્ટ માટે અરજી કરતાં પહેલાં NGO – Darpan Portal નો યુનિક આઇડી નંબર મેળવેલો હોવો જોઈએ.

(ગ) હાલની માર્ગદર્શિકા કાર્યપદ્ધતિ ઉપરાંત ભવિષ્યમાં વિભાગ દ્વારા વિભાગના સચિવશ્રીની મંજૂરીથી જે કોઈ માર્ગદર્શિકા, સૂચના જારી કરવામાં આવે તેમજ કોઈ ખુલાસા, સ્પષ્ટીકરણ વધારવા કે ઘટાડા કરવામાં આવી તે આ યોજનામાં સામેલ કરવામાં આવશે.

**(iv) DDRC ને અનુસરવાની નાણાકીય વ્યવસ્થા માટે**

**(ક) DDRC દ્વારા પ્રાયોજનાના હિસાબો નિભાવવા**

DDRC માટે કર્મચારીઓના માનદવેતન માટેની નાણાફાળવણી તેમજ DDRC માટે આવશ્યક સાધનસામગ્રી માટેની નાણાફાળવણી SIPDA યોજના અંતર્ગત જ કરવામાં આવે છે; જ્યારે ફેબ્રિકેશન માટેની સામગ્રી તેમજ સાધનો અને ઉપકરણો માટેનું નાણાભંડોળ ADIP યોજના અંતર્ગત ફાળવવામાં આવે છે; તેથી સંબંધિત દરખાસ્ત સાથે આ બંને માટેના અલગ હિસાબો નિભાવવા અને રજૂ કરવા.

**(ખ) DDRCના નામે બેન્ક ખાતું ખોલાવવા બાબત**

DDRCના માટે અલગ બેન્ક ખાતું ખોલાવવું અને તે જિલ્લા મેજિસ્ટ્રેટ / જિલ્લા કલેક્ટર દ્વારા DMTમાંથી નિયુક્ત કરવામાં આવેલ એક અધિકારી આજે ગ્રાન્ટ પ્રાપ્ત કરવા માટે અમલીકરણ સંસ્થાએ અધિકૃત કરેલ અન્ય અધિકારીની સંયુક્ત સહીથી તે ખાતું કાર્યાન્વિત થશે. આ અંગેનો નિર્ણય DDRC નક્કી કરવા માટેની અમલીકરણ સંસ્થાના આધાર પર DMT એ કરવાનો રહેશે.

(ગ) હિસાબોની જાળવણી

સમર્થનકારી પ્રવૃત્તિઓ માટેના ખર્ચના યોગ્ય હિસાબો દરેક અમલીકરણ કરતી સંસ્થા દ્વારા DDROના એકંદરે માર્ગદર્શન અને દેખરેખ હેઠળ જાળવવાના રહેશે. યોગ્ય રીતે હિસાબો જાળવવા માટે અનુસારવામાં આવતી પદ્ધતિ ઉપરાંત એ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે દરેક અમલીકરણ કરતી સંસ્થા દરેક DDRC માટે અલગ હિસાબો નિભાવે. દરેક જિલ્લાના નોડલ અધિકારી વિભાગને છ મહિને કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને લગતા હિસાબ રજૂ કરશે.

(ઘ) SIPDA અંતર્ગત કર્મચારીઓના માનદ વેતન માટેની સહાયક ગ્રાન્ટ માટેની દરખાસ્ત

જિલ્લા મેજિસ્ટ્રેટની ભલામણ સાથે આ માટેની દરખાસ્ત નાણાકીય વર્ષના પહેલાં ત્રિમાસમાં રજૂ કરવાની રહેશે. અંદાજી વાર્ષિક ખર્ચના 75% જેટલી રકમ પ્રથમ હપતામાં છૂટી કરવામાં આવશે. સહાયક ગ્રાન્ટની બાકીની રકમ રાજ્ય સરકારની ભલામણથી અને આગળના હપ્તાના ઓડિટેડ હિસાબો અને ઉપયોગિતા પ્રમાણપત્રો પ્રાપ્ત થયા બાદ છૂટી કરવામાં આવશે.

(ચ) સહાયક ગ્રાન્ટ માટેની દરખાસ્ત નિયત દસ્તાવેજો સાથે ઓન લાઇન વિભાગના 'e Anudan' પોર્ટલ ઉપર રજૂ કરવાની રહેશે.

**6. (i) રાજ્ય સરકારની ભૂમિકા**

**(ક)** DDRCના અસરકારક કાર્યમાં રાજ્ય સરકારોએ વધુ સક્રિય ભૂમિકા ભજવવાનું અપેક્ષિત છે. રાજ્ય / જિલ્લા વહીવટતંત્રના વધુ સમાવેશન માટે રાજ્ય સરકારો DDRCs અને તેમની વિવિધ પ્રવૃત્તિને અસરકારક રીતે હાથ ધરી શકે તે માટે તેમના કર્મચારીગણના માનદવેતન તેમજ તેમની અન્ય જરૂરિયાતો માટે પૂરક રકમ આપી શકે.

**(ખ)** રાજ્ય સરકારોએ જિલ્લા કલેક્ટરોને જિલ્લા વ્યવસ્થાપન ટીમના અધ્યક્ષ તરીકેના તેમના સ્થાનના આધાર પર DDRCs વધુ અસરકારક રીતે ફરજ બજાવી શકે તે હેતુથી જમીની વાસ્તવિકતાઓ ધ્યાનમાં લઈને DDRC યોજનાના વ્યાપક માળખાની સાથે સુસંગત રીતે તેમાં નાના નાના આવશ્યક ફેરફાર કરવા માટે અધિકૃત કરી શકે.

**(ગ)** આ ઉપરાંત, જો કેન્દ્રીય ભંડોળની ફાળવણીમાં કાર્યવાહી સંદર્ભે વિલંબ થાય તો ક્ષેત્રમાં જે કંઈ મુશ્કેલીઓ ઉપસ્થિત થાય તે હલ કરવા માટે, રાજ્ય સરકારો જિલ્લા કલેક્ટરોને તેમને હસ્તક રહેલા સ્થાનિક નાણાભંડોળમાંથી વચગાળાની પેશગી મંજૂર કરવા માટે અધિકૃત કરી શકે.

(ઘ) પ્રવર્તમાન વ્યવસ્થા ઉપરાંત, રાજ્યો હાલના કાયદા અંતર્ગત એક રાજ્ય કક્ષાની સંસ્થા / મંડળીની રચના કરી તેની જિલ્લા કક્ષાની શાખાઓ મારફતે જિલ્લાઓમાં DDRCsના અમલીકરણ સંસ્થા તરીકે તેને અસરકારક કરવા માટે અધિકૃત કરી શકે.

**(ii) ALIMCO અને વિભાગ હસ્તકનાં રાષ્ટ્રીય સંસ્થાનોની ભૂમિકા – સાધનો / કર્મચારીઓની તાલીમ**

(ક) કાર્યરત DDRC માટે આવશ્યક સાધનો

તમામ પ્રકારની દિવ્યાંગતાઓ માટે સહાયક સાધનો / ઉપકરણોના ફેબ્રિકેશન અને ફીટીંગ્સ માટેની સામગ્રી યોજનાની અંદર સાધનો સંબંધિત મથાળા હેઠળ કરેલી જોગવાઈઓમાંથી ખરીદ કરવાનાં રહે છે. આ સાધનોમાં ઇલેક્ટ્રિક ઓવન, વર્કશોપમાં વપરાતા ઘણ, (auvil), ફિઝિયોથેરાપીનાં સાધનો, ક્લિનિકલ ઓડિયોમિટર, સ્પીચ ટ્રેનર, વર્કશોપનાં સાધનો અને મંદબુદ્ધિવાળાં બાળકોના શિક્ષણ માટે વપરાતા અમુક સાધનો તેમજ UDID પ્રાયોજના માટે વપરાતાં અમુક સાધનોનો સમાવેશ થાય છે. પ્રત્યેક DDRC માટે માત્ર પ્રથમ વર્ષ માટે જ આ સાધનો અંગેના ખર્ચ માટે રૂ. 20,000/-ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે અને જો તેમાં આગળ ઉપર કંઈક ઉમેરો કરવાની જરૂરિયાત જણાય તો પાંચ વરસ પછી વિચારણામાં લેવાશે. સાધનોની યાદી બિડાણ IV ઉપર છે.

આ સાધનો કૃત્રિમ અંગો બનાવનાર ભારતની સંસ્થા – ALIMCO, લખનૌ રોડ, કાનપુરથી ખરીદવાનાં હોય છે. ALIMCO એ જાહેર ક્ષેત્રનું કેન્દ્ર સરકારનું આ વિભાગ હેઠળનું સાહસ છે. જો કોઈ સંજોગોમાં ALIMCO આ સાધનો ઉપલબ્ધ ન કરી શકે તો અમલીકરણ કરતી સંસ્થાએ DMTની દેખરેક હેઠળ સામાન્ય નાણા નિયમો (GFR)માં સુચવવામાં આપેલી કાર્યપદ્ધતિ અનુસાર ખરીદી કરવાની રહે છે.

(ખ) દિવ્યાંગજનો માટે સાધનો / ઉપકરણો તેમજ સૂચવવામાં આવેલા અન્ય સાધનો માટે કાચો માલ

દિવ્યાંગજનો માટેનાં સાધનો / ઉપકરણો બનાવવા માટેનો કાચો માલ વિભાગની ADIP યોજના અંતર્ગત પૂરો પાડવામાં આવશે.

DDRC એ આ માટેની દરખાસ્ત દર વર્ષે રાજ્ય સરકારને નિયત નમૂનામાં, ઉપયોગિતા પ્રમાણપત્ર, ખર્ચના હિસાબોનું ઓડિટ કરેલું પત્રક, લાભાર્થીઓની યાદી, દિવ્યાંગજનોને પૂરાં પાડવામાં આવેલ સાધનો / ઉપકરણોની વિગતો અને પ્રવૃત્તિઓના કેલેન્ડરની વિગતો સાથે, જિલ્લા કલેક્ટર મારફતે યોજના અંતર્ગત ગ્રાન્ટ મેળવવાના હેતુ માટે મોકલી આપવાની રહેશે.

**(iii) રાષ્ટ્રીય સંસ્થાનો / સઘન પ્રાદેશિક કેન્દ્રોની ભૂમિકા (તેમને ફાળવવામાં આવેલાં રાજ્યો અનુસાર)**

**1)** DDRCsના, રાજ્યના દિવ્યાંગજનો સાથે કામ કરતા સમાજ કલ્યાણ વિભાગના અધિકારીઓ / કર્મચારીઓ રાજ્ય સરકાર / જિલ્લા વહીવટીતંત્ર / DDRCના સંકલનમાં રહીને તાલીમ આપવી.

**2)** રાષ્ટ્રીય સંસ્થાનોએ અભ્યાસક્રમના મોડ્યુલ સાથે સમગ્ર વર્ષનું તાલીમ – કેલેન્ડર તૈયાર કરી વિભાગની મંજૂરી માટે મોકલી આપવું.

**3)** DDRCsના અમલીકરણ સંસ્થાના કર્મચારીગણના રાષ્ટ્રીય સંસ્થાનો દ્વારા તેમની ક્ષમતા નિર્માણ માટે ઓપ વર્ગ / અભિમુખતા તાલીમ અને અન્ય તાલીમ આવામાં આવશે જેથી તેઓ મંજૂર કરેલ યોજના અનુસાર પ્રવૃત્તિઓ હાથ ધરી શકે.

**4)** રાષ્ટ્રીય સંસ્થાનો રાજ્ય / જિલ્લા / DDRCsના સંકલનમાં રહીને નીચેની તાલીમ હાથ ધરશે :

- જિલ્લા કલેક્ટરો અને રાજ્ય સરકારના અધિકારીઓ માટે એક દિવસની કાર્યશાળા; જેમાં દિવ્યાંગતાના મુદ્દાઓ અંગે સંવેદનશીલતા, PwD અધિનિયમની મુખ્ય જોગવાઈઓ

DDRC યોજનાની સમજૂતી અને તેમના દ્વારા અસરકારક સેવા વિતરણ, શ્રેષ્ઠ પરંપરાઓની ચર્ચા

- અમલીકરણ કરતી સંસ્થાઓના નોડલ અધિકારીઓ અને સમાજ કલ્યાણના અધિકારીઓ માટે ત્રણ દિવસની તાલીમ જેમાં, DDRCની યોજના, ADIPની, DDRCની દરખાસ્તોનું પ્રક્રિયાકરણ, હિસાબો અને અન્ય રેકર્ડની જાળવણી, સુવિધાઓ, રાહતો અને દિવ્યાંગજનો માટેની યોજનાઓ અને અગત્યનાં રેફરલ સરનામાં
- 15 દિવસ સુધી ઇન-સર્વ તાલીમ DDRCsના ટેકનિકલ અને વ્યાવસાયિક કર્મચારીઓને, જેમાં વહેલાસરની દરમિયાનગીરી અને ફોલોઅપ, સારવાર અને પુનઃસ્થાપનની નવી કાર્યપદ્ધતિઓ વગેરે
- ઇન-સર્વિસ તાલીમ માટેના ખાસ વર્ગો જેમાં સેતુ કાર્યક્રમો, DDRCsના પૂરતી લાયકાત નહિ ધરાવતા કર્મચારીઓ માટે 6 મહિનાથી માંડી એક વરસ સુધીના સેન્ડવીચ કાર્યક્રમો
- સંવાદ/પ્રત્યાયનનાં કૌશલ્યોની તાલીમ તેમજ અસરકારક સામગ્રી તૈયાર કરવાની તાલીમ
- ટેકનિકલ કર્મચારીઓ અને બહુલક્ષી કાર્યકરો માટે સાધનો અને ઉપકરણઓનાં રિપેરિંગ અને મરામત/નિભાવ માટેની તાલીમ
- સઘન પ્રાદેશિક કેન્દ્રો (CRC) / રાષ્ટ્રીય સંસ્થાનો અને શ્રેષ્ઠ કાર્ય કરતા DDRCની પરિચય મુલાકાત

તાલીમ કાર્યક્રમ એકથી ત્રણ દિવસની સંવેદનશીલતા કાર્યશાળાથી માંડી એક અઠવાડિયા કે બે અઠવાડિયાના રિફ્રેશર તાલીમ કે એક વર્ષ સુધીની સેન્ડવીચ તાલીમ સુધીનો રહેશે. જેનો ઉદ્દેશ DDRCના પૂરતી લાયકાત નહિ

ધરાવતા કર્મચારીઓના કૌશલ્ય વિકાસનો રહેશે. તાલીમમાં ભાગ લેનારાઓ સિનિયર કક્ષાના અધિકારીઓ જેમકે સચિવ / નિયામક / જિલ્લા કલેક્ટરો, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ / નોડલ અધિકારીઓથી માંડી વ્યાવસાયિકો અને DDRCમાં નિયુક્ત થયેલા અન્ય કર્મચારીઓ સુધીના રહેશે.

DDRCsના કર્મચારીઓની તાલીમના ખર્ચમાં મુખ્યત્વે નીચેનાનો સમાવેશ થશેઃ

DDRCના કર્મચારીઓ જેઓ તાલીમ માટે મોકલવામાં આવે તેમના પ્રવાસખર્ચ અને ભોજન તથા નિવાસનો ખર્ચ SIPDA નીચે DDRCsને આપવામાં આવતી ગ્રાન્ટમાંના કન્ટીજન્સી મથાળા નીચેની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે. જ્યારે તાલીમ સંબંધિત અન્ય ખર્ચ રાષ્ટ્રીય સંસ્થાનો કરશે.

DDRCs યોજનાના વ્યાપક માળખામાં, જેમાં DDRCનું સંચાલન બિનસરકારી સંગઠન દ્વારા કરવામાં આવ્યું હશે ત્યાં યોજનાની જોગવાઈ અનુસાર માનવશક્તિ / કર્મચારીઓની પસંદગી માટે તેઓ મુક્ત છે અને તેનું એકંદર નિરીક્ષણ જિલ્લા વ્યવસ્થાપન ટીમ-DMT હસ્તક છે. યોજનાની જોગવાઈઓમાં નાનકડા કોઈ ફેરફાર કરવાની જરૂર જણાય તો વિભાગના પરામર્શનમાં રહીને, રાજ્યની માલિકીના વિસ્તરણના હિતમાં, અસરકારક કામગીરીના હિતમાં અને રાજ્ય / જિલ્લા સત્તાતંત્તરની નીચે DDRCs ની ગ્રાન્ટની પ્રક્રિયા સરળ બનાવવાના હિતમાં તે માન્ય છે.

## 7. DDRCsની કાર્યયોજના

DDRCsની કાર્યયોજના એકંદરે નીચે પ્રમાણે હશેઃ

- દિવ્યાંગજનોની તેમજ તેમની જરૂરિયાતોની જિલ્લામાં મોજણી – દર મહિને 10થી 15 ગામો લેવાં
- વડા મથકે / સિવિલ હોસ્પિટલ ખાતે અઠવાડિયે એકવાર સમીક્ષાની શિબિર (assessment camp)
- સમયાંતરે તાલુકા કક્ષાએ જાગૃતિ શિબિરની ગામ કક્ષાએ મુલાકાત લઈ જાગૃતિ પેદા કરવી. જુદાં જુદાં લક્ષિત જૂથો માટે તૃણમૂલ કક્ષાએ તાલીમ કાર્યક્રમો સમાંયતરે યોજવા વગેરે
- સમયાંતરે ગામ / તાલુકા કક્ષાએ ફોલોઅપ શિબિર

**7 (i) દિવ્યાંગજનોની મોજણી**

શરૂઆતના આયોજન માટે દિવ્યાંગતા સંબંધિત જો જિલ્લા કક્ષાની માહિતી ઉપલબ્ધ હોય તો તે DDRCને ઉપલબ્ધ કરવી. આ માહિતી આંગણવાડી / આશા વર્કર વગેરે પાસે દરેક ગામની દિવ્યાંગ વ્યક્તિઓની સંખ્યા સંબંધે હોઈ શકે. અમલીકરણ કરતી સંસ્થાએ માહિતી એકત્ર કરવા માટેની શ્રેષ્ઠ વ્યવસ્થા પોતાની વિવેકબુદ્ધિ વાપરીને ગોઠવવી.

**(ii) સાધનો / ઉપકરણોની સમીક્ષા / ફીટીંગ/ફોલોઅપ અને મરામત સમીક્ષા / ફીટીંગ**

**સમીક્ષા / ફીટીંગ**

ખરેખર દિવ્યાંગતામાં રાહતરૂપ સાધનો / ઉપકરણોનાં ફીટીંગ એ જિલ્લા કેન્દ્રની એક મહત્વની કામગીરી છે. આ કામગીરી માટે શિબિર અભિગમ અને સંસ્થાકીય અભિગમનું મિશ્રણ ઉપયોગમાં લેવાનું રહે છે. માલસામાન / સામગ્રી / સાધનો ઉપકરણોનું ખર્ચ ADIP યોજનામાંથી કરવાનું રહે છે. ADIP યોજના અનુસાર અમલ કરતી સંસ્થા પૂરતી વ્યવસ્થા કરવા માટે તેમજ હિસાબોની જાળવણીમાં યોગ્ય પ્રકારની કાર્યપદ્ધતિ અનુસરવા માટે જવાબદાર ગણાશે. આ બાબતના અમલ માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા:

- અમલીકરણ કરતી સંસ્થાએ ખરેખર કેટલાં સાધનો / ઉપકરણોની જરૂર છે તેની ચોક્કસ સમીક્ષા હાથ ધરી હોવી જોઈએ.
- અમલ કરતી સંસ્થા જેને ટેકનિકલ આપૂર્તિ સંસ્થાકીય વ્યવસ્થા અને અવરજવર માટેની વાહનવ્યવસ્થા ઉપલબ્ધ કરવાની રહે છે.
- તમામ દિવ્યાંગજનોની સમીક્ષા કરવામાં જે – તે દિવ્યાંગજનોની સંખ્યા અને તેમને માટે કઈ / કયા પ્રકારની સાધન/ઉપકરણની જરૂરિયાત છે તેની ચોક્કસ ગણતરી કરેલી હોવી જોઈએ.
- જિલ્લા દિવ્યાંગતા પુનઃસ્થાપન કેન્દ્ર મારફતે એક તો કાયમી ધોરણે સમીક્ષા હાથ ધરાતી રહેલી જોઈએ અને વળી શિબિર અભિગમ મારફતે વિવિધ સમયના તબક્કે પણ તે હાથ ધરાવી જોઈએ.
- આંગણવાડી કાર્યકરો, આરોગ્યના કાર્યકરો, અર્ધ-શિક્ષકો, નરેગા, પંચાયતી રાજ્યની સંસ્થાઓ, સ્થાનિક બિનસરકારી સંગઠનો અને અન્ય તૃણમૂલ કક્ષાના કાર્યકરોના સાથથી આ કાર્ય હાથ ધરવું જોઈએ.
- અમલીકરણ કરતી સંસ્થાઓ, જેમને સહાયક સાધનો / ઉપકરણો આપવામાં આવ્યાં છે તેમના સતત ફોલોઅપથી જો સુનિશ્ચિત કરવું જોઈએ કે તેનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે તેમજ જરૂર અનુસાર તેની યોગ્ય ઝડપી મરામત હાથ ધરાય છે.
- જિલ્લા કેન્દ્રએ સાધનોની કરામતની, ગોઠવણીના અને ફોલોઅપની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. સાધનો /ઉપકરણોની મરામત માટે નજીવી રકમ વસૂલ કરી શકાય; અને તે રકમ જુદા જુદા સાધન અંગે અને મરામતના પ્રકાર અનુસાર જુદી જુદી હોઈ શકે.
- જે દિવ્યાંગજનોને સહાયક સાધનો/ઉપકરણોનો ઉપલબ્ધ કરાયાં છે તેમને ચોક્કસપણે, જિલ્લા કેન્દ્ર કક્ષાએ તેના ફોલોઅપ / મરામત અને તાલીમ સેવાઓ ઉપલબ્ધ છે, તેની જાણ કરવી જ જોઈએ.

- દિવ્યાંગજનોને આ સાધનો / ઉપકરણોના અસરકારક અને સાચા ઉપયોગ માટે તેમને તાલીમ ઉપલબ્ધ કરવી જોઈએ. વળી તેમને સ્થાનિક ભાષામાં છપાયેલાં ચોપાનિયાં / પત્રિકા / ચિત્રો / આકૃતિઓ મારફતે તે સાધનો / ઉપકરણોની જાળવણી, માવજત અને ઉપયોગ અંગે માર્ગદર્શન આપવું જોઈએ

**(iii) અટકાયતી કાર્યક્રમ(prevention)ને પ્રોત્સાહન**

જુદા જુદા રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો દ્વારા અંધત્વ નિવારણ, કુષ્ઠરોગ નિવારણ વગેરે પ્રકારના અટકાયતી કાર્યક્રમોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે; તેમજ પલ્સ પોલિઓ જેવી રૂટિન પ્રકારની રસીના કાર્યક્રમો દ્વારા પણ આવા અટકાયતી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આવા કાર્યક્રમોની અભિમુખતાથી મૃત્યુ જેવી ઘટનાને પણ નિવારી શકાય છે અને દિવ્યાંગતા આવતી અટકાવી શકાય છે. તેથી કેન્દ્રોએ અટકાયતી કાર્યક્રમોની માહિતી પ્રસિદ્ધિ કરવામાં ફેરફાર કરીને આરોગ્ય કાર્યક્રમો અને દિવ્યાંગતાની અટકાયત વચ્ચેનો સંબંધ ખાસ ઉજાગર કરવો જોઈએ.

વળી દિવ્યાંગતા માટે કુપોષણ અથવા યોગ્ય પોષણનો અભાવ પણ કારણભૂત મનાય છે. અભ્યાસોએ નિર્દેશ કર્યો છે કે આયોડિનની અછતથી વિકાસને નોંધપાત્ર રીતે અસર પહોંચે છે. જુદા જુદા માઇક્રો-ન્યુટ્રીયન્ટ(સૂક્ષ્મપોષણ)ની અછતથી જન્મસમયે બાળકોનું વજન ઓછું હોય છે. માતાના ઉદરમાં ગર્ભાવસ્થા દરમિયાન બાળકનું વજન પૂરતા પ્રમાણમાં ન વધે તો નવજાત શિશુઓ માનસિક રીતે નબળાં જન્મે તેવી શક્યતાઓ રહેલી છે. શિશુ અવસ્થા દરમિયાન તેમજ બાલ્યાવસ્થામાં કુપોષણથી બાળકમાં લાંબાગાળે શારીરિક વિકાસ, વૃદ્ધિ અને બૌદ્ધિક ક્ષમતા ઉપર અવળી અસર પહોંચે છે. બાળકોમાં વિટામિન-એ ની અછતથી અંધત્વની ઘટના બને છે.

દિવ્યાંગતા અટકાવવા સંબંધિત એક અન્ય પાસું છે. જેની જિલ્લા કેન્દ્રોએ પૂરતી માહિતી પ્રસારિત કરવી જરૂરી છે તે છે પર્યાવરણીય સ્વચ્છતા અને

આરોગ્યમય જીવનની પરિસ્થિતિ. (તાજેતરમાં યુનો દ્વારા ભારતના પ્રધાનમંત્રીને આ બે મુદ્દા અંગે જાગૃતિ પ્રસારણ માટેનો વૈશ્વિક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો તે બતાવે છે કે આ બે મુદ્દા વૈશ્વિક રીતે પણ કેટલું મહત્વ ધરાવે છે). ઉદાહરણ તરીકે દૂષિત પાણીથી પોલિઓ-વાયરસ પેદા થાય અને તેનાથી Fluccid ત્વચાનો લકવો થાય. આવી ત્વચાનો લકવો બિનસ્વચ્છ/ગંદી જીવન પદ્ધતિમાંથી પણ થઈ શકે. અસ્વચ્છ કે દૂષિત પાણીથી રોટર વાયરસ ચેપણ થઈ શકે; જેનાથી ઝાડાનો રોગ લાગુ પડે. ઝાડાના રોગથી બાળકની વૃદ્ધિને અસર થાય છે. વાતાવરણની ગંદકી / અસ્વચ્છતાથી આંખમાં ખીલનો રોગ થઈ શકે અને લાંબેગાળે તેમાંથી અંધત્વ પણ આવી શકે. અરે, કુષ્ટરોગ પણ વાતાવરણની ગંદકી / અસ્વચ્છતાની નીપજ છે. અસ્વચ્છ અને બિનઆરોગ્યપ્રદ ખોરાકથી Poliomyeltis થઈ શકે છે. આ પ્રમાણે DDRCs એ સંપૂર્ણ સ્વસ્છતા અભિયાનના, નિર્મલ ગ્રામ અભિયાનના અને અન્ય કેન્દ્ર અને રાજ્ય સરકારોથી સ્વચ્છ ભારત સંબંધિત મુદ્દાઓને એકત્રિત કરીને, સ્વચ્છતા સંબંધિત પ્રચાર અભિયાન ઉપર અને વિશેષ કરીને શાળા સ્વચ્છતા કાર્યક્રમ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

જિલ્લા કેન્દ્રોએ દિવ્યાંગતા અટકાવવા સંબંધિત વિવિધ પ્રકારની માહિતી એકત્ર કરીને તેનું સંકલન કરવું જોઈએ અને ખૂબ જ સુયોગ્ય રીતે, યોગ્ય તે પ્રકારે અને યોગ્ય તે સ્વરૂપમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તેનું પ્રસારણ કરવું જોઈએ.

- આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કાર્યકરો, દિવ્યાંગતા અટકાવવાના ક્ષેત્રે કાર્યરત બિનસરકારી સંગઠનોની પ્રવૃત્તિઓ સાથે સુસંકલન અને તાલમેલ
- કેન્દ્રો પાસે દિવ્યાંગતા અટકાવવા સંબંધિત તેમજ વહેલાસરની દરમિયાનગીરીને લગતી જેટલી પણ માહિતી એકત્ર થાય / ઉપલબ્ધ બને તેનું વિતરણ અને પ્રસિદ્ધિ સ્થાનિક ભાષામાં કરવું

જોઈએ. DRCs તેમજ રાષ્ટ્રીય સંસ્થાનો પાસેથી ઉપલબ્ધ માહિતીનું સંકલન સંપાદન આ યોજના શરૂ કરાયાના બે માસની અંદર પૂરું કરી લેવું જોઈએ.

- અમલ કરતી સંસ્થા તૃણમૂલ કક્ષાના કાર્યક્રમો જેવાં સંકલિત બાળ વિકાસ યોજનાના કાર્યકરો, આરોગ્ય કાર્યકરો સીબીઆરના કાર્યકરો માટે અભિમુખતા તાલીમ યોજવી જોઈએ.
- જે વિસ્તારોમાં જાપાનીઝ એન્સેફ્લાઇટિસ (JE) તેમજ એક્યુર અને એન્સેફેલાઇટિસ(AES)નું પ્રમાણ વિશેષ માત્રામાં હોય તેવા વિસ્તારોમાં સ્થાપવામાં આવેલાં DDRCs પાસે, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વીથ મલ્ટીપલ ડિસેબિલિટીઝ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ઇસ્ટ રોડ, મુલ્લુકુડ, કાંચીપુરમ્, તામિલનાડુ પાસેથી મલ્ટીપલ ડિસેબિલિટીઝ કોમ્પોનન્ટ મેળવવાં જોઈએ.

**(iv) વહેલાસરની દરમિયાનગીરી**

દ્વિતીય પ્રકારની (સેકન્ડરી) દિવ્યાંગતા આવતી અટકાવવા માટે દિવ્યાંગતાની વહેલાસર ઓળખ થાય અને વહેલાસરની દરમિયાનગીરીથી તરત સારવાર શરૂ થાય તે ખૂબ જ અગત્યનું છે. તેમ કરવાથી દિવ્યાંગ બાળકોનું બીજાં બાળકો સાથે તમામ કક્ષાએ સફળતાપૂર્વક એકીકરણ શક્ય બને છે. તેથી દરેક DDRC એ વહેલાસરની દરમિયાનગીરી માટેના એકમની રચના કરવી જોઈએ. દિવ્યાંગતાવાળાં બાળકો ધરાવતા વાલીઓને આ એકમની મુલાકાત કરવા માટે પ્રેરવા જોઈએ. વધુમાં તેમને, તેઓ પોતાના રહેઠાણે પણ દરમિયાનગીરી ચાલુ રાખી શકે તે માટે સ્થાનિક રીતે ઉપલબ્ધ સામગ્રીઓ ઉપયોગ કરવા માટે પણ ઓછા ખર્ચની દરમિયાનગીરી માટેનું સૂચન કરવું જોઈએ.

**(v) અવરોધરહિત પર્યાવરણ**

- દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માટે સુગમ્યતા ઉપલબ્ધ કરી આપવા માટે સહાયક સાધનો / ઉપકરણો ઉપરાંત આ બીજી અગત્યની પૂરક વ્યવસ્થા છે.
- તમામ નવાં મકાનો, ખાસ કરીને જાહેર ક્ષેત્રમાં અને જાહેર ઉપયોગ માટેનાં મકાનો જેમકે શાળાઓ, હોટલો, પંચાયત અને અન્ય સરકારી મકાનો, હોસ્પિટલો, બજારો, બસસ્ટેન્ડ, બગીચા, જાહેર શૌચાલયો અવરોધમુક્ત બનાવવા જોઈએ અને તે માટે શહેરી બાબતો અને રોજગાર મંત્રાલયે પરિપત્રિત કરેલા ધોરણસરના પેટાનિયમો અનુસરવા જોઈએ.
- કલેક્ટર કચેરી, જિલ્લા હોસ્પિટલ, સ્થાનિક બસ સ્ટેન્ડ, કોલેજો અને શાળાઓ જેવાં જાહેર મકાનોને શરૂઆતથી જ અવરોધમુક્ત બનાવી દેવાં જોઈએ.
- મકાનોને અવરોધમુક્ત બનાવવા માટેનો નાણાકીય સહયોગ સ્થાનિક સરકારી નાણાકીય ભંડોળમાંથી અથવા સાંસદ / ધારાસભ્યોના હસ્તકની ગ્રાન્ટમાંથી કરવો જોઈએ.
- જિલ્લા કેન્દ્રોએ આ માટે અમલીકરણ કરતી સંસ્થાને ટેકનિકલ સહયોગ પૂરો પાડવો જોઈએ.

**(vi) શિક્ષણ / વ્યાવસાયિક તાલીમ / રોજગાર માટે ગોઠવણી**

શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને રોજગારી એ પુનઃસ્થાપનના અગત્યનાં અંગ છે.

- અમલ કરતી સંસ્થાઓ શિક્ષકો / સમુદાયો / પરિવારો માટે અભિમુખતા તાલીમ કાર્યક્રમો પ્રયોજવા જોઈએ.
- તેઓ યોગ્ય તે વ્યવસાય, શક્ય કે સંભવિત રોજગાર – ગોઠવણ અને NHFDC મારફતે સોફ્ટ ધિરાણ અને VRC મારફતે તાલીમની વ્યવસ્થાની માહિતી આપી શકે.

